dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 238 | AD - 2025, Jeth Sud-07 | Monday, Dt.02-06-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### આસામ, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, મેઘાલય, મણિપુર અને મિઝોરમમાં વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે જનજીવન અસ્તવ્યસ્ત

# પૂર્વોત્તરના ૬ રાજ્યોમાં ભારે વરસાદથી પૂરનો કહેર

નવીદિલ્હી,તા.૦૧

ચોમાસાના આગમન સાથે, ભારે વરસાદને કારણે પૂર્વોત્તર ભારતના ૬ રાજ્યોમાં પૂર જેવી સ્થિતિ છે. આસામમાં વરસાદને કારણે ૮ લોકોના મોત થયા છે. મેઘાલયમાં ૩ અને મિઝોરમમાં ૪ લોકોના મોત થયા છે. કુલ ૧૫ લોકોના મોત થયા છે. આસામના ૧૭ જિલ્લાઓમાં પૂર અને ભૂસ્ખલનથી ભારે તબાહી મચી ગઈ છે. આ દરમિયાન, ભારતીય હવામાન વિભાગે રાજ્યમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. મણિપુરમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૮૦૦ થી વધુ લોકોને બચાવ્યા છે. નેપાળમાં વરસાદની અસર બિહારની નદીઓ પર પણ દેખાઈ રહી છે. સીમાંચલની ૩ નદીઓમાં પૂર છે. દેશના બાકીના ભાગોમાં પણ વરસાદ પડી રહ્યો છે. આસામના ગુવાહાટી શહેરમાં હોડીઓ ફરી રહી છે. એસડીઆરએફના જવાનો લોકોને બચાવી રહ્યા છે અને તેમને સલામત સ્થળોએ લઈ જઈ રહ્યા છે. આસામનું સૌથી મોટું શહેર ચોમાસાથી એટલું પ્રભાવિત થયું છે કે રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા છે. રસ્તાઓ પર હોડીઓ દોડી રહી છે. આસામ, અરુણાચલ



પ્રદેશ, સિક્કિમ, મેઘાલય, મણિપુર અને મિઝોરમમાં વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે વરસાદને કારણે આસામના શ્રીભૂમિ જિલ્લાના ઘણા ભાગોમાં પાણી ભરાઈ ગયા છે. લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. આસામમાં ભારે વરસાદને કારણે છ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ છે, જેના કારણે ૧૦ હજારથી વધુ લોકો પ્રભાવિત થયા છે. કામરૂપ જિલ્લામાં ભૂસ્ખલનથી એક બાળક સહિત પાંચ લોકોના મોત થયા છે. આસામના કામરૂપ મેટ્રો અને કચર જિલ્લામાં વરસાદને કારણે સૌથી વધુ વિનાશ સર્જાયો છે. આસામ સરકારના મંત્રી જયંત મલ્લબરુઆએ વરસાદ પછી પાણી ભરાઈ ગયેલા વિસ્તારોની મુલાકાત લીધી અને પીડિતોની સ્થિતિ વિશે પૂછપરછ કરી હતી. બાંગ્લાદેશમાં રચાયેલા ડિપ્રેશનને કારણે હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી છે. અરુણાચલ પ્રદેશના નીચલા સુબાનસિરી, પશ્ચિમ કામેંગ, પશ્ચિમ સિયાંગ, લોહિત અને ચાંગલાંગ જિલ્લાઓ માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

### જમ્મુ અને કાશ્મીરના ઘણા વિસ્તારોમાં હિમવર્ષા

જમ્મુ અને કાશ્મીરમાં હવામાન બદલાયું છે. પહાડી વિસ્તારોમાં બરફ પડ્યો હતો અને મેદાની વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ઘણી જગ્યાએ જોરદાર વાવાઝોડું આવ્યું હતું. રાજદાન પાસ પર હિમવર્ષા બાદ, સાવચેતીના પગલા તરીકે ગુરેઝ-બાંદીપોરા રોડ સહિત ઘણા અન્ય કનેક્ટિંગ રોડ બંધ કરી દેવામાં આવ્યા છે. રાજ્યના લગભગ તમામ જિલ્લાઓમાં દિવસનું તાપમાન સામાન્ય કરતા ૬ થી ૧૫ ડિગ્રી ઘટી ગયું છે. બીજી તરફ, ખરાબ હવામાનને કારણે, કટરા-સાંઝી છત હેલિકોપ્ટર સેવા દિવસભર ખોરવાઈ રહી છે. હવામાન કેન્દ્ર શ્રીનગર અનુસાર, ૪ જૂન સુધી રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદની શક્યતા છે. કાશ્મીર ખીણમાં અફરવત, ગુરેઝ ખીણ, રાજદાન પાસ, મીનમાર્ગ, દ્રાસ, ઝોજીલા પાસ, સિન્થન પાસ અને મુઘલ રોડ સહિત ઘણા વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. રાજધાન ટોપ પર લગભગ ૪ ઈંચ, પીર કી ગલી પર ૪ ઈંચ, મીનમાર્ગ અને દ્રાસમાં ૩-૩ ઈંચ, સિન્થન પાસ પર ૨ ઈંચ અને ગુરેઝ ખીણમાં ૪ ઈંચ બરફ પડ્યો હતો. મોડી સાંજ સુધી ઘણા વિસ્તારોમાં બરફવર્ષા ચાલુ રહી હતી. હવામાનશાસ્ત્રી ફૈઝાન આરિફે જણાવ્યું હતું કે આ સિઝનમાં ઉપરોક્ત વિસ્તારોમાં બરફવર્ષા આશ્ચર્યજનક છે. જોકે, આ સમયગાળામાં પહેલા પણ બરફવર્ષા થઈ છે. પરંતુ ઉપરોક્ત મહત્તમ વિસ્તારો સમુદ્ર સપાટીથી ૩૫૦૦ મીટર ઉપર સ્થિત છે, તેથી અહીં આવી પ્રવૃત્તિઓ થવી અસામાન્ય છે. રાજદાન પાસ પર બરફવર્ષાને કારણે લપસણો માર્ગ અને નબળી દૃશ્યતાએ જોખમ વધાર્યું છે. બરફ દૂર કરવાનું કામ ચાલુ છે.

### અમિત શાહે સુરક્ષા એજન્સીઓ સાથે ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠકમાં સૂચના આપી

# અમરનાથ યાત્રાની સાથે આતંકવાદ વિરોધી ઝુંબેશને વધુ તીવ્ર બનાવવામાં આવશે

જમ્મુ,તા.૦૧

સુરક્ષિત અને ભયમુક્ત અમરનાથ યાત્રાની સાથે, રાજ્યમાં આતંકવાદ વિરોધી ઝુંબેશને વેગ મળશે. જમ્મુ વિભાગને આતંકવાદ મુક્ત બનાવવા માટે તૈયાર કરાયેલ રોડમેપ ચોક્કસ રણનીતિ સાથે ચાલુ રાખવામાં આવશે. ગૃહમંત્રીએ તેમના બે દિવસીય જમ્મુ પ્રવાસના પહેલા દિવસે સુરક્ષા એજન્સીઓ સાથે ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠકમાં આ સૂચના આપી છે. પહેલગામ આતંકવાદી હુમલા પછી, અમરનાથ યાત્રાની સુરક્ષા કેન્દ્ર અને રાજ્ય વહીવટ માટે ટોચની પ્રાથમિકતા છે. સુરક્ષા સમીક્ષા બેઠકમાં, ગૃહમંત્રીએ સેના, પોલીસ, બીએસએફ, સીઆરપીએફ અને સુરક્ષા એજન્સીઓને ગુપ્તચર સંકલનમાં કામ કરવા સૂચના આપી છે. ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનને હારનો સામનો કરવો પડ્યો હતો. ગભરાયેલો પાકિસ્તાની અમરનાથ યાત્રાને વિક્ષેપિત કરવા માટે દરેક શક્ય પ્રયાસ કરશે. સીમાપારથી ઘૂસણખોરીના પ્રયાસો વધશે. બીએસએફ પણ



આ વાતનો ઈનકાર કરી રહ્યું નથી. ગૃહમંત્રીએ બીએસએફને આવા પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે એક મજબૂત મિકેનિઝમ બનાવવા કહ્યું છે. આ જ કારણ હતું કે ગૃહમંત્રીની મુલાકાત પહેલા, બીએસએફના મહાનિર્દેશક દલજીત સિંહ ચૌધરીએ આંતરરાષ્ટ્રીય સરહદની મુલાકાત લીધી હતી. સીઆરપીએફના ડીજી જ્ઞાનેન્દ્ર પ્રતાપે શ્રીનગર અને જમ્મુમાં સુરક્ષા સમીક્ષા બેઠક યોજી હતી. આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદીએ વ્હાઈટ નાઈટ કોર્પ્સની મુલાકાત લીધી હતી. જમ્મુ ડિવિઝનને આતંકવાદ મુક્ત બનાવવા માટે બનાવવામાં આવેલા રોડમેપમાં, એજન્સીઓ વચ્ચે ગુપ્તચર માહિતીનું સંકલન વધારવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. ડીજીપી જમ્મુ અને કાશ્મીરે ગૃહમંત્રીને જમ્મુ ડિવિઝનમાં ચાલી રહેલા આતંકવાદ વિરોધી ઓપરેશનથી વાકેફ કર્યા હતા. ગૃહમંત્રીની મુલાકાત ઘણી રીતે ખાસ હતી. અમરનાથ યાત્રા સાથે ઓપરેશન સિંદૂર મુખ્ય કેન્દ્ર હતું. ગૃહમંત્રી પહેલા, સેના પ્રમુખ જમ્મુ અને કાશ્મીરની મુલાકાતે ગયા હતા. ગૃહમંત્રીએ આતંકવાદ વિરોધી કામગીરી સાથે સલામત અમરનાથ યાત્રાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા અને પાકિસ્તાનની દરેક કાર્યવાહીનો આક્રમક જવાબ આપવા સૂચનાઓ આપી છે.

# ક્રિકેટર રિંકુ સિંહ અને સાંસદ પ્રિયા સરોજ ૧૮ નવેમ્બરે લગ્ન કરશે, ૮ જૂને રિંગ સેરેમની





જૌનપુર,તા.૧

જૌનપુરની મછલીશહર લોકસભા બેઠક પરથી સમાજવાદી પાર્ટીના સાંસદ પ્રિયા સરોજનો રિંગ સેરેમની ૮ જૂને લખનૌમાં યોજાશે. તેમના લગ્ન ભારતીય ક્રિકેટ ટીમના ઉભરતા સ્ટાર રિંકુ સિંહ સાથે થવાના છે. લગ્ન ૧૮ નવેમ્બર ૨૦૨૫ ના રોજ વારાણસીની હોટેલ તાજ ખાતે થશે. ક્રિકેટ સ્ટાર્સ, ફિલ્મ હસ્તીઓ અને ઉદ્યોગપતિઓનો મેળાવડો થશે. આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી રમતા અલીગઢના રિંકુ સિંહ પ્રિયા સાથે લગ્ન કરવાના છે. પ્રિયા સરોજના પિતા અને કેરાકટ વિધાનસભા બેઠકના સપા ધારાસભ્ય તૂફાની સરોજ, તેમણે આ વાતની પુષ્ટિ કરી હતી. ધારાસભ્યએ કહ્યું હતું કે તેઓ અલીગઢમાં રિંકુના પરિવારને મળ્યા હતા. પરિવાર લગ્ન માટે તૈયાર છે. IPL પછી બંને લગ્ન કરશે. હવે રિંગ સેરેમની અને લગ્નની તારીખ નક્કી થઈ ગઈ છે. નજીકના લોકોના જણાવ્યા મુજબ, લગ્ન પરંપરાગત રીતરિવાજ મુજબ કરવામાં આવશે. તેમાં દેશભરના અગ્રણી રાજકારણીઓ, ક્રિકેટરો, ફિલ્મ સ્ટાર્સ અને સામાજિક કાર્યકરો સામેલ થશે. આ સંબંધ બંને પરિવારોની સંમતિ અને પ્રેમથી નક્કી કરવામાં આવ્યો છે. બંનેએ એકબીજાને સમજવા માટે સમય આપ્યો અને હવે નવી શરૂઆત માટે તૈયાર છે. પ્રિયા સરોજ વ્યવસાયે વકીલ છે. પ્રિયા અને રિંકુ પહેલાથી જ એકબીજાને ઓળખે છે. બંનેએ કહ્યું કે તેઓ તેમના પરિવારની સંમતિથી લગ્ન કરશે. રિંકુ સિંહનો જન્મ ૧૨ ઓક્ટોબર ૧૯૯૭ના રોજ અલીગઢના એક ખૂબ જ સામાન્ય પરિવારમાં થયો હતો. તેમના પિતા ખાનચંદ્ર ગેસ એજન્સીમાં સિલિન્ડર વિતરક તરીકે કામ કરતા હતા. તેઓ પોતે શરૂઆતમાં તેમના પિતાને સિલિન્ડર વિતરણના કામમાં મદદ કરતા હતા અને ગરીબી સામે લડતા ક્રિકેટના મેદાનમાં પોતાનું સ્થાન બનાવતા હતા.
















# ઓપરેશન શિલ્ડ અંતર્ગત સરકારી હોસ્પિટલ રાજુલા ખાતે ૨૫ યુનિટ બ્લડ એકત્ર કરાયું

**૨૫ લોકોએ બ્લડ ડોનેટ કરી ઓપરેશન શિલ્ડને સફળ બનાવ્યું**



રાજુલા, તા.૦૧

ભારત સરકારના ગૃહ મંત્રાલયની સૂચના મુજબ યુદ્ધ જેવી પરિસ્થિતિમાં નાગરિક સંરક્ષણની તૈયારીઓને મજબૂત કરવા માટે ઓપરેશન શિલ્ડ દ્વિતીય સિવિલ ડિફેન્સ એકસરસાઈઝ અન્વયે આપાતકાલીન પરિસ્થિતિમાં લોહીની જરૂરિયાતને પહોંચી વળવા માટે રાજુલામાં સ્વેચ્છાએ ૨૫ લોકોએ બ્લડ ડોનેટ કરી ઓપરેશન શિલ્ડને સફળ બનાવ્યું હતું. ઓપરેશન શિલ્ડ અંતર્ગત ઘાયલોને જરૂરિયાત મુજબ બ્લડ મળી રહે તે માટે મોટી સંખ્યામાં લોકો પોતાની દેશભક્તિ દર્શાવીને દેશના હિત માટે પોતાનું યોગદાન આપી શકે તેવા હેતુસર સ્વૈચ્છિક રીતે રક્તદાન માટે આગળ આવ્યા હતા.

**ઘોર કળિયુગનો વધુ એક પુરાવો**

# માતાએ હાથ ઉછીના આપેલા પૈસા પરત માંગતા પુત્ર-પુત્રવધૂએ ઢીકાપાટુ માર્યા

જાફરાબાદ, તા.૦૧

જાફરાબાદના હેમાળ ગામે એક ચોંકાવનારો કિસ્સો બન્યો હતો. માતાએ હાથ ઉછીના આપેલા પૈસા પરત માંગતા પુત્રએ ઢીકાપાટુ માર્યા હતા. બનાવ અંગે લક્ષ્મીબેન અમરાભાઈ નાગર (ઉ.વ.૭૦)એ પુત્ર બાલુભાઈ અમરાભાઈ નાગર તથા પુત્રવધૂ ભાવનાબેન બાલુભાઈ નાગર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે હાથ ઉછીના રૂપિયા તેના દીકરા બાલુભાઈના પત્ની ભાવનાબેનને આપ્યા હતા. જે પરત માંગતા તેને સારૂ લાગ્યું ન હતું અને કહેવા લાગેલ કે, 'જાવ તમને પાછા નથી દેવા' તેમ કહી ભાવનાબેન તથા બાલુભાઈએ જેમફાવે તેમ ગાળો આપી અને શરીરે ઢીકાપાટુનો મુંઢમાર મારી અને ધક્કો મારી પછાડી દઈ શરીરે મુંઢ ઈજાઓ કરી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.બી. શીયાળ વધુ તપાસ કરી રહ્યા છે.

**જાફરાબાદના હેમાળ ગામનો બનાવ**

# ચૂંટણી પ્રચાર માટે વાહનોની નોંધણી ફરજિયાત : અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડ્યું

અમરેલી, તા.૦૧

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતની સામાન્ય-વિભાજન-મધ્યસત્ર-પેટાચૂંટણી-૨૦૨૫નો કાર્યક્રમ જાહેર કરાયો છે. આગામી ૨૨ જૂન, ૨૦૨૫ના રોજ મતદાન અને ૨૫ જૂને મતગણતરી થશે. આ ચૂંટણીઓ અંતર્ગત આદર્શ આચારસંહિતાના અમલ માટે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ જાહેરનામું બહાર પાડ્યું છે. આ મુજબ, ચૂંટણી પ્રચાર માટે ઉપયોગમાં લેવાતા તમામ વાહનોને ઉમેદવારોએ સંબંધિત ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારી પાસે રજિસ્ટર કરાવી પરમિટ મેળવવી ફરજિયાત છે, અને આ પરમિટ વાહન પર સ્પષ્ટ દેખાય તે રીતે ચોંટાડવાની રહેશે. આ આદેશ ૨૨ જૂન, ૨૦૨૫ સુધી અમલમાં રહેશે અને ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કાર્યવાહી કરાશે.

# વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા અમરેલી જિલ્લામાં ૧૦૦૦ કુંડા અને ૭૦૦ માળા લગાવાયા



અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં જીવમાત્રને રાહત આપવા માટે વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. ટ્રસ્ટ દ્વારા જિલ્લાના સાવરકુંડલા, રાજુલા, ચલાલા, દામનગર, ધારી, લીલીયા, હનુમાનગાળા સહિતના વિવિધ ગામોમાં પક્ષીઓ માટે ૧૦૦૦થી વધુ પાણીના કુંડા અને ૭૦૦થી વધુ માળા લગાવવામાં આવ્યા છે. ટ્રસ્ટના પ્રમુખ પ્રશાંતભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે, વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ વર્ષ ૨૦૧૪થી ગૌ સેવા, બ્લડ હેલ્પલાઈન અને પક્ષી બચાવ ઝુંબેશ જેવી અનેક જીવદયા પ્રવૃત્તિઓ ચલાવી રહ્યું છે. આ પ્રવૃત્તિઓમાં દાનેવ ગૌસેવા ગ્રુપ ચલાલા, ગૌ સંવર્ધન સેલ અમરેલી જિલ્લા ટીમ, સિમબા ગ્રુપ ધારી અને કલ્યાણ મહાદેવ મંદિર સાવરકુંડલા સહિત અનેક દાતાઓ અને ગૌસેવક સંગઠનોનો સહકાર મળ્યો છે.

# ગ્રામ પંચાયત ચૂંટણી-૨૦૨૫ અંતર્ગત જિલ્લામાં લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ

અમરેલી, તા.૦૧

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરાયેલ ગ્રામ પંચાયતની સામાન્ય-વિભાજન-મધ્યસત્ર-પેટાચૂંટણી-૨૦૨૫ અંતર્ગત અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં આગામી તા. ૨૨ જૂન, ૨૦૨૫ના રોજ મતદાન અને તા. ૨૫ જૂન, ૨૦૨૫ના રોજ મતગણતરી થશે. આ ચૂંટણીઓને અનુલક્ષીને આદર્શ આચારસંહિતાના અમલીકરણ માટે અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ની પેટા કલમ-૧ (આર) હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ, ચૂંટણી પ્રચાર દરમિયાન લાઉડસ્પીકર અને વાહનો પર લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પરવાનગી વિના સભા, સરઘસ કે વાહનો પર માઈક વગાડી શકાશે નહીં.

# 'તું મારા વિરુદ્ધ મામલતદારમાં અરજી આપે છે' કહી ગાળો આપી

**ધારીના જળજીવડી ગામનો બનાવ**

ધારી, તા.૦૧

ધારીના જળજીવડી ગામે એક યુવકને 'તું મારી વિરુદ્ધ મામલતદારમાં અરજી આપે છે' તેમ કહી ગાળો આપવામાં આવી હતી. બનાવ અંગે પ્રવિણભાઈ ધીરૂભાઈ રામાણી (ઉ.વ.૪૫)એ ભરતભાઈ ધનજીભાઈ બજાણીયા તથા અશ્વીનભાઈ બીજલભાઈ બજાણીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ જળજીવડી ગામે કાળુભાઈ ગઢાદરાની દુકાન પાસે ઉભા હતા ત્યારે આરોપીએ આવી 'તું મારા વિરુદ્ધ મામલતદારમાં અરજી આપે છે' તેમ કહી ગાળો દેવા લાગ્યો હતો અને ઢીકાપાટુનો મુંઢમાર મારી કુહાડી લઈ મારવા દોડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બીજો આરોપી તેમને ગાળો આપી લાકડી લઈ મારવા દોડ્યો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એચ. વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીનો શ્રમિક સાયબર ક્રાઈમનો ભોગ બન્યો

**ધારી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી**

ધારી, તા.૦૧

અમરેલી જિલ્લામાં પોલીસ સાયબર ક્રાઈમને લઈ અવેરનેસ કેમ્પ યોજી રહી છે. તેમ છતાં લોકો ભોગ બની રહ્યા છે. ધારીમાં રહેતો શ્રમિક સાયબર ક્રાઈમનો ભોગ બન્યો હતો. અતુલભાઈ રમેશભાઈ માધડ (ઉ.વ.૨૪) એ અજાણ્યા મોબાઈલ ધારક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ થોડા રોકાણે વધુ નફો મળે તેવી લોભામણી સ્કીમ ખોટા નામે તેમને આપી હતી. જે બાદ તેમની પાસે ઓનલાઈન રોકડા રૂ.૧૮,૧૦૧ ટ્રાન્સફર કરાવી ઠગાઈ કરી હતી. ધારી પોલીસ સ્ટેશનના પીઆઈ એ.એમ. દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# કોટડાપીઠા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા તમાકુ નિષેધ દિનની ઉજવણી




કોટડાપીઠા તા.૦૧

કોટડાપીઠાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ગૌપાલક છાત્રાલયમાં ૩૧ મેના રોજ 'વિશ્વ તમાકુ નિષેધ દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. તમાકુના સેવનથી થતા મોઢાના, જીભના તથા દાંતના, પેઢાના કેન્સરને અટકાવવા માટે રેલી સ્વરૂપે જનજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવેલ. ધુમ્રપાનના સેવનથી પોતે તેમજ પોતાની આસપાસના વ્યક્તિઓના આરોગ્યને નુકસાન થાય છે અને ધુમ્રપાન કરનાર વ્યક્તિને હૃદયરોગનું જોખમ રહે છે, વગેરે જેવી માહિતી કેન્દ્રના સુપરવાઈઝર મેહુલભાઈ ડાંગરે આપી હતી. આ તકે પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતું જેમાં ગૌપાલક છાત્રાલયનાં વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.

# વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન અંતર્ગત હામાપુરમાં કૃષિ રથ દ્વારા આધુનિક ખેતીનું માર્ગદર્શન અપાયું



અમરેલી, તા.૦૧

'કૃષિ સંકલ્પ અભિયાન' અંતર્ગત કૃષિ રથ બગસરા તાલુકાના હામાપુર ગામે પહોંચ્યો હતો. ૨૯ મે થી ૧૨ જૂન દરમિયાન ચાલનારા આ અભિયાનનો ઉદ્દેશ્ય ખેડૂતોને આધુનિક ખેત પદ્ધતિઓ અને પ્રાકૃતિક ખેતી અંગે જાગૃત કરવાનો છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષીબેન બારીયાના માર્ગદર્શન હેઠળ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક એન. એમ. કાછડીયા અને ખેતી અધિકારી એસ.જી. બારીયા દ્વારા હામાપુરના ખેડૂતોને નવીનતમ ખેતી પદ્ધતિઓ અને પ્રાકૃતિક ખેતીના ફાયદા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# સાવરકુંડલામાં રેલવે ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય : વાહનવ્યવહાર માટે વૈકલ્પિક રૂટ જાહેર

અમરેલી, તા.૦૧

સાવરકુંડલા શહેરમાં રેલવે ફાટક નં. ૬૭/બી પર રેલવે ઓવરબ્રિજની કામગીરી શરૂ થવાની છે. આથી, સાવરકુંડલાથી મહુવા-રાજુલા જતા અને ત્યાંથી સાવરકુંડલા આવતા તમામ પ્રકારના વાહનો માટે અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા વૈકલ્પિક ડાયવર્ઝન જાહેર કરતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામું તા. ૨૬ જુલાઈ, ૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

નિર્ધારિત વૈકલ્પિક રૂટમાં ભારે અને મોટા વાહનો માટે અમરેલી હાઈવે તરફથી સાવરકુંડલા શહેર થઈને મહુવા-રાજુલા જતા-આવતા અને મહુવા-રાજુલા તરફથી સાવરકુંડલા આવતા વાહનોએ સાવરકુંડલા બાયપાસ રોડનો ઉપયોગ કરવો અને દ્વિચક્રી અને ત્રિચક્રી વાહનો માટે સાવરકુંડલા શહેરમાંથી મહુવા-રાજુલા તરફ જતા-આવતા વાહનો સૂચિત બ્રિજ (રેલવે ફાટક)ની બંને બાજુના સર્વિસ રોડ પરથી પસાર થઈ શકશે તથા નાના અને મધ્યમ વાહનો માટે સાવરકુંડલા શહેરમાંથી રાજુલા-મહુવા તરફ આવતા-જતા વાહનોએ માર્કેટિંગ યાર્ડ પાસેના રેલવે અંડરપાસનો ઉપયોગ કરવો.

આ હુકમનો ભંગ કરનાર વિરુદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.









વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી.
કાર્યક્ષેત્ર ::- ધો- 9 થી 12 સાયન્સ / કોમર્સ / RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
✓ હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE - NEET) Foundation ની તૈયારી કરશે.
✓ જ્યાં થશે AdvanceMaths - Science, રીઝનિંગ, English અને GK ની અપ ટુ ડેટ Powerful તૈયારી..
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE - NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના ...
ધોરણ 8 | 95% ઉપર | 9મું FREE
ધોરણ 9 | 95% ઉપર | 10મું FREE
ધો. 8 - 9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.
#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ 50 હેતુલક્ષી પ્રશ્નો:- 15 MATHS + 15 SCI. + 10 ENG. + 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths ,M.Sc., B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડ્યા મનોજભાઇ Science ,M.Sc., B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
• Smart Board ધરાવતા ક્લાસ...
• અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા..
ધો-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 220 86


# ઓપરેશન શિલ્ડ : રાજુલા કોસ્ટગાર્ડ ખાતે ડ્રોન હુમલાની મોકડ્રિલ યોજાઈ

અમરેલી, તા.૦૧

રાજ્ય સરકારના 'ઓપરેશન શિલ્ડ' અંતર્ગત અમરેલી જિલ્લાના રાજુલા-જાફરાબાદ દરિયાઈ તટીય વિસ્તારમાં આવેલા પીપાવાવ કોસ્ટગાર્ડ સ્ટેશન ખાતે ડ્રોન હુમલાની મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. ડ્રોન હુમલાના સંદેશા મળતા જ ફાયર બ્રિગેડ, રાજુલા પોલીસ, S.O.G., ૧૦૮ ઈમરજન્સી સેવા અને કોસ્ટગાર્ડના જવાનોએ સંયુક્તપણે રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઈજાગ્રસ્ત જવાનોને ત્વરિત તબીબી સહાય પૂરી પાડવામાં આવી હતી અને આગ બુઝાવવાની કામગીરી પણ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા સુરક્ષા બંદોબસ્ત સઘન બનાવવામાં આવ્યો હતો. આ મોકડ્રિલ આપત્તિ વ્યવસ્થાપન પ્રણાલીને મજબૂત બનાવવા માટે યોજાઈ હતી. જિલ્લા કલેકટર અજય દહિયા અને પ્રાંત અધિકારી ડૉ. મેહુલ બરાસરાએ જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. નાગરિકોને ખોટી અફવાઓથી દૂર રહેવા અપીલ કરાઈ હતી.




# અમરેલી તાલુકાના ચાંપાથળ ગામના યુવાન પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો

**હુમલાનું કારણ અકબંધ : જુની અદાવતમાં હુમલો થયાની આશંકા**

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ અવારનવાર સામાન્ય બાબતે તીક્ષ્ણ હથિયારોથી હુમલા થઈ રહ્યા છે. અમરેલી તાલુકાના ચાંપાથળ ગામના ૨૫ વર્ષીય યુવાનને અજાણ્યા શખ્સો દ્વારા પાઈપ અને છરીના ઘા મારી ઘાયલ કરવાની ઘટના બની છે. ચાંપાથળ ગામના ગબરુભાઈ મુંધવા નામનો યુવક ચાંપાથળથી અમરેલી માર્કેટિંગ યાર્ડ ખાતે પશુઓ માટે ખાણ લેવા જઈ રહ્યો હતો તે સમયે ચક્કરગઢ ગામના પાટીયા પાસે ત્રણ શખ્સોએ પાઈપ અને છરી વડે હુમલો કર્યો હતો. હુમલો થતા યુવાન જેમતેમ કરીને ભાગવામાં સફળ થયો હતો. જ્યાંથી ૧૦૮ મારફતે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતા જ હોસ્પિટલ ખાતે અમરેલી તાલુકા પોલીસ દોડી આવી હતી અને ઘટનાની તપાસ હાથ ધરી છે.



# દેવળીયા ગામેથી વ્હીસ્કીની ૯ બોટલ મળી

બાબરા, તા.૦૧

બાબરાના મોટા દેવળીયા ગામે રહેતો હર્ષદિપભાઈ મુન્નાભાઈ બસીયા પાસેથી વ્હીસ્કીની ૯ બોટલ મળી હતી. પોલીસે ૪૨૦૩ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેને આ જથ્થો ચોટીલાના ખાટડી ગામના જયવીર ખાચરે આપ્યાની કબૂલાત કરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.એમ. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે. રબારીકા ગામેથી ૭ લીટર અને રાજુલા મહુવા જકાતનાકા પાસેથી ૫ લીટર મળી કુલ ૧૨ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. આ સિવાય પાંચ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# સરકારી આરામગૃહોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહીં

અમરેલી, તા.૦૧

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતની સામાન્ય-વિભાજન - મધ્યસત્ર - પેટા ચૂંટણી-૨૦૨૫નો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં આગામી ૨૨ જૂન, ૨૦૨૫ના રોજ મતદાન યોજાશે અને ૨૫ જૂને મતગણતરી થશે. આ ચૂંટણીઓ અંતર્ગત આદર્શ આચારસંહિતાના કડક અમલ માટે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જાહેરનામા મુજબ, ચૂંટણીના કામ સબબ સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ, વિશ્રામગૃહો, ફોરેસ્ટ ગેસ્ટહાઉસ અને આવા તમામ જાહેર સ્થળોનો રાજકીય પક્ષના હોદ્દેદારો, કાર્યકરો, ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટો દ્વારા રાજકીય કે ચૂંટણી પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મિટિંગોને પણ મંજૂરી આપવામાં આવશે નહીં. ચૂંટણી પ્રચારમાં આવેલા મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ કે અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તો તેમને લાવવા-લઈ જવા માટેના વાહનોને જ કમ્પાઉન્ડમાં રાખવાની પરવાનગી રહેશે. કોઈ એક જ વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં. ઉપરાંત, મતદાન પૂરું થવાના ૪૮ કલાક પહેલા કોઈપણ મહાનુભાવને રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં. આ હુકમનો અમલ ૨૨ જૂન, ૨૦૨૫ સુધી કરવાનો રહેશે અને ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

વિમળાબેન નાગજીભાઈ પરમાર (ઉ.વ.૭૫) તે નાગજીભાઈ સવજીભાઈ પરમાર (પતિ), દિનેશભાઈ નાગજીભાઈ પરમાર, સુરેશભાઈ નાગજીભાઈ પરમાર, નિલેશભાઈ નાગજીભાઈ પરમારના માતાનું તા.૨૭/૫/૨૫ ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨/૬/૨૫ ને સોમવારના રોજ ૪ થી ૬ કલાકે પારેખવાડી કોર્નર સાવરકુંડલા ખાતે રાખેલ છે

**અમરેલી**

સ્વ. વિનોદભાઈ નંદલાલભાઈ નગદિયા (ઉ.વ.૬૪) શ્રી જલારામ ખેતીવાડી સ્ટોર (સાવરકુંડલા વાળા) નું તા.૦૧/૦૬/૨૦૨૫ ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેઓ કિશનભાઈ નગદિયા તથા ભાવિબેનના પિતાશ્રી તથા રાજુભાઈ, પંકજભાઈ, ઉષાબેન (સુરત), ભાવનાબેન (ઉના)ના મોટાભાઈ તથા પ્રવિણભાઈ, સુરેશભાઈ (બી.ઓ.બી.) તથા કિરીટભાઈ નગદિયાના ભત્રીજા તેમજ ભુમીતભાઈ સુભાષભાઈ વ્યાસના સસરા થાય છે. તેમની પ્રાર્થનાસભા: તા.૦૨/૦૬/૨૦૨૫ને સોમવારના રોજ સાંજના ૪થી ૬ કલાકે ગુરૂદત મંદિર હોલ, ચિતલ રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ અ.સૌ. સ્વ. જયાબેન રમેશચંદ્ર પંડ્યા ઉંમર ૭૨ વર્ષ તેઓનું તારીખ ૩૧/૫/૨૦૨૫ ના દુ:ખદ અવસાન થયેલ છે. સદગત શ્રી મોહનલાલ રામજીભાઈ ત્રિવેદીના દીકરી અને રમેશચંદ્ર નંદલાલભાઈ પંડ્યાના ધર્મપત્ની તથા અભિષેકભાઈ આર. પંડ્યા તથા ધ્રુવભાઈ આર. પંડ્યાના માતૃશ્રી અને બીપીનભાઈ એન.પંડ્યાના ભાભી તથા દીપકભાઈ ડી. પંડ્યાના કાકીશ્રી તથા જીતુભાઈ ત્રિવેદી, બળવંતભાઈ ત્રિવેદી, ભરતભાઈ ત્રિવેદી તથા અશોકભાઈ ત્રિવેદીના બહેન શ્રી તથા ભાવેશકુમાર એન. દેસાઈ, દિવ્યાંગકુમાર એન. ત્રિવેદી તથા ભરતકુમાર એચ. જાનીના સાસુ શ્રી થાય છે. તેઓની સાદડી શ્રી એકલિંગજી ઉપવન, પારેખવાડી, સાવરકુંડલા ખાતે તા. ૦૨/૦૬/૨૦૨૫, સોમવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન રાખેલ છે.


શ્રી સ્વામિનારાયણ શ્રધ્ધા જ્યોત ટ્રસ્ટ સંચાલિત
શ્રીજી વિદ્યાર્થી ભુવન
શ્રી સરસ્વતી વિદ્યાલય
- ટ્રેક્નોલોજી એડેડ સ્કૂલ - સંપૂર્ણ AC સ્કૂલ
- પોસાય તેવી ફી - કુદરતી વાતાવરણ વચ્ચે વિશાળ કેમ્પસ
- માઇન્ડ પાવર અને સેલ્ફ ડેવલપમેન્ટ માટે મોટીવેશનલ પોગ્રામ
ધોરણ :-૪ થી ૧૨
હોસ્ટેલની ઉત્તમ સુવિધા
દિપકભાઈ પી. વઘાસિયા સંચાલકશ્રી
વિલાસબેન ડી. વઘાસિયા સંચાલકશ્રી
સંપૂર્ણ કેળવણીનો અહેસાસ
ઘરથી દુર બીજુ એક ઘર એટલે
શ્રીજી વિદ્યાર્થી ભુવન





એસ.ટી.ડીવીઝન પાસે, લાઠી રોડ, અમરેલી. ફોન: 240067 Mo. 94269 76642 / 84692 53653
shreejividhyarthibhuvan.com | shreejischool1234@gmail.com વ્યવસ્થાપક: ઉતમભાઇ - 70430 19727


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમા

જન્મ/મરણ અરજી નંબર/૪૩૦/ ૨૦૨૫

અરજદાર :- જાજડા કેશુભાઈ સોમાતભાઈ,
સરનામું :- રહે.ખેરાળી મોટી, તા.રાજુલા, જી.અમરેલી

**વિરુધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી ખેરાળી મોટી
તા.રાજુલા જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાનાં રાજુલા તાલુકાના ખેરાળી મોટી ગામના શ્રી જાજડા કેશુભાઈ સોમાતભાઈ, એ તેમના પુત્રી શ્રી જાજડા કેશુભાઈ સોમાતભાઈનો જન્મ તા.૨૫/૦૮/૨૦૦૬ ના રોજ ખેરાળી મોટી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વિ.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવા અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૫ માહે મે સને-૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- રાજુલા
તારીખ :-૦૫/૦૫/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા





વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ આર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# અમરેલીમાંથી ત્રણ સહિત જિલ્લામાં બે સ્થળેથી ૬ ખેલી પકડાયા

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે સ્થળેથી ૬ જુગારીને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. અમરેલીમાં સંઘી સોસાયટીમાં હુસૈની ચોક પાછળ આવેલા નદીના પટમાં જાહેરમાં જુગાર રમતાં એજાજભાઈ યુનુસભાઈ કુરેશી, ઈમરાનભાઈ યુસુફભાઈ ચૌહાણ તથા પીયુષભાઈ જયરાજભાઈ વાળા રોકડા ૩૬૫૦ સાથે પકડાયા હતા. જ્યારે અલ્તાભાઈ અબ્દુલભાઈ કશીરી ફરાર થઈ ગયા હતા. સાવરકુંડલાના વિરડી ગામેથી દેવીપૂજકવાસ પાસે જાહેર પડતર જગ્યામાંથી સુરેશભાઈ જેરામભાઈ વાઘેલા, મુનાભાઈ ધીરૂભાઈ વાઘેલા, અશોકભાઈ ધીરૂભાઈ વાઘેલા તથા અશોકભાઈ જેરામભાઈ ધોળકીયા રોકડા ૧૧,૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. પોલીસે બંને સ્થળેથી મળી ૧૫,૪૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી.

**બહેને પણ નાની બહેનને સાથ ન આપ્યો**

# જીજાજીએ સગી સાળી સાથે દુષ્કર્મ આચરી જાનથી મારવાની ધમકી આપી

**મોટી બહેને ચીંટીયા ભરી કોઈને કહીશ તો હું દવા પી જઈશ તેમ કહ્યું**

ચલાલા, તા.૦૧

ચલાલા ટાઉનમાં એક જીજાજીએ સગી સાળી સાથે દુષ્કર્મ આચરીને જાનથી મારવાની ધમકી આપી હતી. ઉપરાંત લાફા મારી, ચીંટીયા ભરીને 'આ વાત કોઈને કહીશ તો હું દવા પી મરી જઈશ' તેવી ધમકી આપી હતી. બનાવ સંદર્ભે ચલાલામાં રહેતા સાસુએ લાઠીના માલવીયા પીપરીયા ગામે રહેતા જમાઈ મકવાણા તથા પુત્રી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના જમાઈએ તેમની દીકરી સગીર વયની હોવાનું જાણવા છતા તેમજ સંબંધમાં તેને સગી સાળી થતી હોય તેમ છતાં બળજબરી કરી વારંવાર શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચરી જાનથી મારી નાખવાની ધમકી આપીને લાફા માર્યા હતા. તેમની ભોગબનનાર દીકરીએ મોટી બહેનને આ બનાવની હકિકત જણાવતા તેણે પણ લાફા મારી ચીંટીયા ભરી, 'આ વાત કોઈને કહીશ તો હું દવા પી જઈશ'ની ધમકી આપી હતી.

ફરિયાદ અંગે ચલાલા પોલીસ સ્ટેશનના પીઆઈ જી. આર. વસૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલ દ્વારા રબારીકા ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાયો



અમરેલી, તા.૦૧

રબારીકા સહિત આજુબાજુના ગામના લોકો માટે લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલ દ્વારા સુદર્શન નેત્રાલયની મદદથી નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૨૧૮ દર્દીઓને તપાસવામાં આવેલ હતા, જેમાં ૨૪ દર્દીઓને મોતિયાના ઓપરેશન, ૪ દર્દીને વેલના ઓપરેશન અને ૬૫ દર્દીઓને આંખના નંબરની તપાસ થઈ હતી. ઓપરેશનની જરૂરીયાત વાળા દર્દીને વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવ્યા હતા. આ કેમ્પને સફળ બનાવવા લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલના પ્રેસિડેન્ટ લાયન વિજય વસાણી, પ્રોજેક્ટ ચેરમેન લાયન દિવ્યેશ વેકરીયા તથા રબારીકા ગામના આગેવાન કિશોરભાઈ સેંજલીયાએ જહેમત ઉઠાવેલ હતી.

# અમરેલીમાં 'વિશ્વ તમાકુ નિષેધ' દિવસની ઉજવણી : જનજાગૃતિ માટે બાઈક રેલી અને સેમિનાર

**કાર્યક્રમોમાં ૫,૯૪૨ નાગરિકોએ તમાકુ નિષેધના શપથ લીધી**

અમરેલી, તા.૦૧

દર વર્ષની જેમ આ વર્ષે પણ ૩૧ મેના રોજ 'વિશ્વ તમાકુ નિષેધ' દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે અમરેલી જિલ્લા પંચાયત કેમ્પસ ખાતેથી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ બાઈક રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી અને વ્યસનમુક્તિનો સંદેશો ફેલાવવામાં આવ્યો હતો, જેમાં આરોગ્ય શાખાના અધિકારીઓ અને કર્મચારીઓ પણ જોડાયા હતા. આ વર્ષની થીમ "તમાકુ અને નિકોટીન ઉત્પાદનો પર ઉદ્યોગોની યુક્તિઓનો ખુલાસો" અંતર્ગત સેમિનારનું પણ આયોજન કરાયું હતું. જિલ્લામાં તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ હેઠળ ૨૯૪ કેસ નોંધી રૂ. ૧૬,૬૪૫નો દંડ વસૂલવામાં આવ્યો હતો. જિલ્લાના ૩૧૪ આરોગ્ય કેન્દ્રો ખાતે યોજાયેલા કાર્યક્રમોમાં ૫,૯૪૨ નાગરિકોએ તમાકુ નિષેધના શપથ લીધા હતા. આ ઉજવણીમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલામાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે મફત મનોરોગ નિદાન કેમ્પ



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા તા. ૦૧

માનસિક આરોગ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવા તથા જરૂરિયાતમંદ દર્દીઓ સુધી વિજ્ઞાન આધારિત માર્ગદર્શન પહોંચાડવાના ઉદ્દેશ સાથે, શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરે તા. ૩૦ મે ૨૦૨૫ થી ૧૩ જૂન ૨૦૨૫ દરમિયાન નિઃશુલ્ક મનોરોગ નિદાન – સાયકોલોજીકલ કેમ્પ યોજવામાં આવશે.આ કેમ્પમાં ખાસ વિશેષજ્ઞ તરીકે ડો. શ્રીમતી રશ્મિબા જાડેજા ચૌહાણ ખાસ અમેરિકાથી પધારી સેવાભાવથી નિઃશુલ્ક પરામર્શ આપશે.

**રાજુલામાં કાયદો વ્યવસ્થા કથળી**

# યુવકને ઢીકાપાટુ મારીને જાનથી પતાવી દેવાની ધમકી આપી

**૮ ઈસમો સામે ફરિયાદ નોંધાઈ**

રાજુલા, તા.૦૧

રાજુલામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ લાગે છે. એક યુવકને ઢીકાપાટુ મારીને જાનથી પતાવી દેવાની ધમકી આપવા મુદ્દે ૮ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ હતી. રેહાનશા મહમ્મદશા પઠાણે રેહાન ફારૂકી, રફીક કનોજીયા, નદીમ શેખ, અલફાજ કનોજીયા, અબ્દુલ કનોજીયા, અફજલ કનોજીયા સહિત આઠ લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાનું મોટર સાયકલ લઈને જતા હતા તે દરમિયાન રાજુલા રૂહાની હોટલ સામે રોડ ઉપર પહોંચતા ત્યાં આરોપીઓ એક ફોરવ્હીલમાં આવ્યા હતા. તેમને બોલાવી કહ્યું કે તૈયબ ક્યાં છે તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. જમણા હાથ ઉપર છરીના ઘા મારી ઉઝરડો કર્યો હતો તથા હાથમાં પથ્થર લઈ માથાના ભાગે તથા પીઠના ભાગે મુંઢમાર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# ધારી માર્કેટ યાર્ડમાં શાકભાજીની ખરીદી કરવા આવેલા યુવકને જાનથી મારવાની ધમકી આપી

ધારી, તા.૦૧

ધારી માર્કેટ યાર્ડમાં શાકભાજીની ખરીદી કરવા આવેલા યુવકને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે નિરવભાઈ શાંતિલાલ રાઠોડે જયંત ઢોલા ઉર્ફે લાલો આહિર, મેહુલ આહિરના પિતા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના સંબંધીના ઘરે લગ્ન પ્રસંગ હોવાથી ધારી માર્કેટ યાર્ડમાં શાકભાજીની ખરીદી કરવા ગયા હતા. જયંત ઢોલાએ તેમની સાથે ખરાબ વર્તન કરી, 'અહીંથી કેમ ચાલ્યો' તેમ કહી જેમ ફાવે તેમ ગાળો દેવા લાગ્યા હતા. અન્ય આરોપીએ 'ક્યાંનો છો તેમજ કેવો છો' તેમ પૂછ્યું હતું. જે બાદ ધક્કો મારી હવે યાર્ડમાં આવીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# ચૂંટણી આચારસંહિતાના કડક અમલ માટે અમરેલીમાં જાહેર જગ્યાઓ પર પ્રચાર સાધનો મૂકવા પર પ્રતિબંધ

અમરેલી, તા.૦૧

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતની સામાન્ય-વિભાજન-મધ્યસત્ર-પેટાચૂંટણી ૨૦૨૫નો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. અમરેલી જિલ્લામાં ૨૨ જૂન, ૨૦૨૫ના રોજ મતદાન અને ૨૫ જૂને મતગણતરી થશે. આ ચૂંટણીઓ અંતર્ગત આદર્શ આચારસંહિતાના કડક અમલ માટે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડ્યું છે. જાહેરનામા મુજબ, કોઈપણ ઉમેદવાર કે વ્યક્તિ દ્વારા ધ્વજ, બેનર્સ, હોર્ડિંગ્સ, પોસ્ટર સહિતના પ્રચાર સાધનો કે બોર્ડ જાહેર જગ્યાએ કે રસ્તા પર મૂકી શકાશે નહીં. ખાનગી માલિકીની મિલકતો પર કટઆઉટ, બેનર્સ લગાવવા માટે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી મેળવવી ફરજિયાત છે અને તેનો ખર્ચ ઉમેદવારના ચૂંટણીખર્ચમાં દર્શાવવો પડશે. જાહેર કે ખાનગી મકાનોની દિવાલો પર સૂત્રો લખવા કે પોસ્ટર ચોંટાડવા પર પ્રવર્તમાન કાયદાઓનો ચુસ્ત અમલ કરવાનો રહેશે. ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભરતી વખતે કે ચકાસણી માટે અથવા ચૂંટણી પ્રતિકની ફાળવણી વખતે મોટા સરઘસ આકારે ચૂંટણી અધિકારીની કચેરીમાં જવું નહીં. જ્યાં એક પક્ષની સભા હોય ત્યાં બીજા પક્ષે સરઘસ લઈ જઈ ખલેલ પહોંચાડવી નહીં. પ્રચાર કાફલામાં ત્રણથી વધુ વાહનો લઈ જઈ શકાશે નહીં અને ડોર ટુ ડોર કેમ્પેઈનમાં પાંચથી વધુ વ્યક્તિઓ (સિક્યોરિટી સિવાય) જઈ શકશે નહીં. આચારસંહિતા અમલમાં હોવાથી ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ સક્ષમ અધિકારીની પરવાનગી વગર એકત્રિત થવા પર પ્રતિબંધ રહેશે. સભા-સરઘસ માટે સંબંધિત ચૂંટણી અધિકારીની પરવાનગી લેવી ફરજિયાત છે.

# 'તું આંધળો છો તને દેખાતું નથી' કહી યુવક પર છરીથી હુમલો કર્યો

રાજુલા, તા.૦૧

રાજુલામાં યુવકને 'તું આંધળો છે તને દેખાતું નથી' કહી યુવક પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. રાજુલા મેઈન બજારમાં બનાવ બન્યો હતો. નાસીરભાઈ હુસેનભાઈ આરબે લાલો કાનાભાઈ રબારી તથા પ્રતિક અરજણભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના શેઠનું મોટર સાયકલ લઈને દુકાને આવતા હતા ત્યારે આરોપીઓ સાથે તેમનું મોટર સાઈકલ અથડાયું હતું. જેથી આરોપીઓએ ઉશ્કેરાઈને 'તું આંધળો છો તને દેખાતું નથી' તેમ કહી ગાળો આપી હતી તેમજ બન્ને જણાએ ગાલ ઉપર લાફા માર્યા હતા. લાલો રબારીએ પોતાના નેફામાં રાખેલી છરી કાઢી સાથળના પાછળના ભાગે જોરદાર ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એફ. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: સાતમ
તા. ૦૨-૦૬-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૫:૨૩,
સૂર્યાસ્ત-૦૭:૧૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

## દૈનિક રાશિફળ

તા.૦૨-૦૬-૨૦૨૫ સોમવાર

મેષ: નવા સંબંધોમાં સ્થિરતા રહેશે. માનસિક તણાવ અને ભ્રમના કારણે વ્યવસાયિક દૈનિક કાર્યોમાં અડચણ તથા મુસાફરીમાં અવરોધ ઉભા થઈ શકે છે.

વૃષભ: વિદ્યાર્થીઓએ શિક્ષણ ક્ષેત્રમાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સંતાનના વિવાહનો પ્રસંગ પ્રબળ થઈને ફાઈનલ થઈ શકે છે.

મિથુન: વેપારમાં ભાગીદારો તથા જીવનસાથી પાસેથી પણ પૂર્ણ સહયોગ મળશે. જૂનું દેવુ હશે તો તેમાં ઘટાડો થઈ શકે છે.

કર્ક: આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. ઘર-પરિવારના વૃદ્ધજનો સાથે ચર્ચામાં ના પડતા. તેઓની સલાહ પણ સાંભળજો, સલાહ ઉપયોગી સાબિત થઈ શકે છે.

સિંહ: તમારી આસપાસ ખુશીભર્યો માહોલ બનાવવાનો પ્રયાસ કરજો. સંબંધીઓ સાથે સંબંધોમાં સુધારો આવી શકે છે.

કન્યા: નવા કાર્યોમાં કાયદાકીય અને તકનીકી પાસાઓ પર ગંભીરતાપૂર્વક વિચાર કર્યા પછી જ કોઈ નિર્ણય લેજો.

તુલા: આજે તમે તમારી નજીકના લોકો અને અન્ય લોકોની ભાવનાઓને ઓળખજો અને તેમના જણાવ્યા અનુસાર ચાલવાનો પ્રયાસ કરશો તો તમને આત્મસંતોષ મળશે.

વૃશ્ચિક: બહેન કે ભાઈના વિવાહ સંબંધિત ચર્ચા ઘરમાં થઈ શકે છે. જૂના મિત્રો કે સંબંધીઓ અચાનક તમારી પાસે આવીને ઊભા રહી જશે.

ધન: આજનો દિવસ મિક્સ ફળદાયી છે. તમે તમારી જૂની જવાબદારીઓમાંથી છૂટકારો મેળવી શકો છો. વિદ્યાર્થીઓને એકાગ્રતા સાથે કાર્ય કરવાની જરૂર પડી શકે છે.

મકર: બચત યોજનાઓમાં રોકાણ કરવા માટે આ સારો સમય છે, પરંતુ બિનજરૂરી ખર્ચથી સાવધાન રહેજો. તમારા પિતાના સ્વાસ્થ્યનું સંપૂર્ણ ધ્યાન રાખજો.

કુંભ: વેપારની સ્થિતિઓ સારી બનતી જોવા મળશે. દિવસના બીજા ભાગમાં શુભ ખર્ચ તમારી ખ્યાતિમાં વધારો કરવાનું પરિબળ બની શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરેલો રહેશે. બિઝનેસ મામલે પિતા કે પછી કોઈ જાણકાર વ્યક્તિની સલાહ લેવાની જરૂર પડી શકે છે.

# અમરેલી જિલ્લામાં ૧૧ જૂન સુધી સભા, સરઘસ અને હથિયારબંધી જાહેર

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાં ૭ જૂન, ૨૦૨૫ના રોજ બકરી ઈદના તહેવારને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા જાહેર સુલેહ-શાંતિ જળવાય રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામું અમરેલી જિલ્લામાં ૧૧ જૂન, ૨૦૨૫ સુધી અમલી રહેશે. જાહેરનામા અનુસાર, જિલ્લામાં સભા-સરઘસ, હથિયારબંધી, છટાદાર ભાષણો અને કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, કોઈ વ્યક્તિ અથવા તેના શબ કે આકૃતિઓ/પૂતળાં દેખાડવા, બૂમ પાડવી, ગીતો ગાવા અને વાદ્ય વગાડવાની પણ મનાઈ છે. સંબંધિત અધિકારીઓની પૂર્વ મંજૂરી વિના સભા કે સરઘસ કાઢી શકાશે નહીં, તેમજ લાઉડ સ્પીકર વગાડવા પર પણ પ્રતિબંધ છે.

# લીલીયા મોટા ખાતે 'વિશ્વ તમાકુ નિષેધ દિન'ની ઉજવણી



અમરેલી,તા.૦૧

લીલીયા મોટા ખાતે "વિશ્વ તમાકુ નિષેધ દિવસ" ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. લોકોમાં તમાકુના વ્યસન પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા આશય સાથે તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા એક ભવ્ય જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. મામલતદાર કચેરીએથી મામલતદાર બી.એસ. પટેલ દ્વારા રેલીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી, જેણે તમાકુ મુક્તિનો સંદેશો ગામેગામ પહોંચાડ્યો હતો. આ રેલીમાં તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય, તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ. એ.સિદ્ધપુરા, મેડિકલ ઓફિસર ડો.જય વાઘેલા, ડો.સોલંકી, આરોગ્ય સુપરવાઈઝર, ફિમેલ હેલ્થવર્કર બહેનો, મલ્ટીપર્પઝ હેલ્થવર્કર ભાઈઓ, આશા બહેનો, આશા ફેસિલિટેટર બહેનો અને તાલુકા આરોગ્ય કચેરીના તમામ સ્ટાફ સહિત અનેક મહાનુભાવો અને આરોગ્યકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉજવણીએ તમાકુ મુક્ત સમાજ નિર્માણ માટે સૌને સંકલ્પબદ્ધ કર્યા હતા.

# બગસરામાં ગાયત્રી પરિવાર દ્વારા જ્યોતિ કળશ યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું



તસવીર : હાર્દિક બામટા

બગસરા, તા.૦૧

બગસરા ખાતે હરિદ્વારથી નીકળેલી ગાયત્રી પરિવારની જ્યોતિ કળશ યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બગસરા ગાયત્રી પરિવાર દ્વારા શોભાયાત્રાનું આયોજન કરી આ યાત્રાને વધાવવામાં આવી હતી. શહેરના મુખ્ય માર્ગો જેવા કે વિજય ચોક અને ગોંડલિયા ચોક પરથી પસાર થયેલી આ યાત્રાનું સામાજિક સંસ્થાઓ દ્વારા ફૂલોથી સ્વાગત અને આરતી ઉતારીને સન્માન કરવામાં આવ્યું હતું. રાજગોર મહેતા પરિવારે પણ યાત્રિકોને ફૂલોથી વધાવ્યા હતા. ત્યારબાદ યાત્રા હોસ્પિટલ રોડ થઈને ગાયત્રી મંદિરે પહોંચી હતી. આ જ્યોતિ કળશ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ હિન્દુ ધર્મમાં જાગૃતિ લાવવાનો છે. આગામી ત્રણ દિવસ સુધી આ યાત્રા બગસરા તાલુકાના ૧૧ ગામોમાં ફરશે અને ધર્મ જાગૃતિનો સંદેશો ફેલાવશે. આ યાત્રા દ્વારા ધાર્મિક ચેતના પ્રગટાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# જુવારમાં સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપન : અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીનો ખેડૂતોને અનુરોધ

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ જુવારના પાકમાં સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપન માટે વાવણી પૂર્વે અને વાવણી સમયે લેવાના પગલાં અંગે ખેડૂતોને અનુરોધ કર્યો છે. આ માહિતી મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, સુરત, નવસારી કૃષિ યુનિવર્સિટી અને આણંદ કૃષિ યુનિવર્સિટીના તાલીમ મેન્યુઅલ પર આધારિત છે. વાવણી પૂર્વેના પગલાં લેવા જેમાં ખેતર સ્વચ્છ બનાવવું, રોગમુક્ત અને રોગપ્રતિકારક જાતો પસંદ કરવી. પાકની ફેરબદલી કરવી અને જીવાતોના કુદરતી દુશ્મનો માટે અભયારણ્ય બનાવવું. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ બીજામૃતનો પટ આપીને બીજને છાંયડામાં સૂકવીને વાવેતર કરવું. વાવણી સમયેના પગલામાં વાવણીલાયક વરસાદ બાદ વહેલી વાવણી કરવી. ગાભમારાની ઈયળ માટે મગ, અડદ, તુવેર જેવા આંતરપાક વાવવા. કાતરાથી બચવા પાક ફરતે શણનું વાવેતર કરવું. સાંઠાની માખીનો ઉપદ્રવ વધુ હોય ત્યાં બીજનો દર વધારવો. મધિયા રોગ નિયંત્રણ માટે બીજને ૫% મીઠાના દ્રાવણમાં ડુબાડીને રોગિષ્ટ દાણાનો નાશ કરવો. જરૂરિયાત મુજબ બીજ માવજત માટે થાયોમેથોકઝામ અથવા ઈમીડાક્લોઅપ્રીડનો ઉપયોગ કરવો. ફોલ આર્મીવોર્મના ઉપદ્રવથી બચવા સાયએન્ટ્રાનીલીપ્રોલ, થાયોમેથોકઝામ દવાની બીજ માવજત આપવી. અંગારિયા રોગ માટે બીજને ગંધક અથવા થાયરમનો પટ આપવાની ભલામણ કરાઈ છે.

**તંત્રી લેખ**

# યુ.એસ. ઈતિહાસનાં રાષ્ટ્રપ્રમુખોની પરંપરામાં ડોનાલ્ડ ટ્રમ્પનું સ્થાન

વિશ્વની સૌથી જૂની લોકશાહી ધરાવતા અમેરિકાની અંદર ભૂતકાળના મહાન રાષ્ટ્રપ્રમુખોની પરંપરા રહી છે. જેમાં અત્યાર સુધીના રાષ્ટ્રપ્રમુખોમાં સૌથી વિવાદાસ્પદ અને વિચિત્ર વલણ ધરાવતા રાષ્ટ્રપતિમાં ડોનાલ્ડ ટ્રમ્પનું નામ આવે છે. અમેરિકાના ઈતિહાસમાં, રાષ્ટ્રપતિઓના મૂલ્યાંકન માટે વિવિધ સર્વે અને અભ્યાસો કરવામાં આવ્યા છે. આ અભ્યાસો અનુસાર, નીચેના રાષ્ટ્રપતિઓને સર્વોત્તમ માનવામાં આવે છે.

અબ્રાહમ લિંકનને અમેરિકાના સર્વોત્તમ રાષ્ટ્રપતિ તરીકે ગણવામાં આવે છે. લિંકને અમેરિકન ગૃહયુદ્ધ દરમિયાન દેશને એકતામાં રાખ્યો. તેઓને નૈતિક સત્તા અને સંકટ સમયે નેતૃત્વ માટે ઊંચો દરજ્જો આપવામાં આવ્યો છે. ફ્રેન્કલિન ડી. રૂઝવેલ્ટને અમેરિકાના સર્વોત્તમ લોકપ્રિય રાષ્ટ્રપતિ તરીકે ગણવામાં આવ્યા છે. ફ્રેન્કલિન ડી. રૂઝવેલ્ટે મહામંદી અને દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન દેશને નેતૃત્વ આપ્યું. તેમણે ન્યૂ ડીલ નીતિઓ અને ફાયરસાઈડ ચેટ્સ દ્વારા જનતાને આશ્વાસન આપ્યું.

જ્યોર્જ વોશિંગ્ટનને પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે જેના નામ પરથી અમેરિકાના પાટનગરને નામ આપવામાં આવ્યું છે. વોશિંગ્ટને રાષ્ટ્રપતિ પદ માટે ઘણા સિદ્ધાંત સ્થાપિત કર્યા અને શાંતિપૂર્ણ સત્તા પરિવર્તનનું ઉદાહરણ આપ્યું. થિયોડોર રૂઝવેલ્ટે બુલ્લી પલ્પિટ દ્વારા રાષ્ટ્રપતિ પદને વધુ સક્રિય બનાવ્યું અને પર્યાવરણ સંરક્ષણ અને શ્રમ સુધારાઓ માટે પ્રયત્નશીલ રહ્યા. થોમસ જેફરસનને લૂઈસિયાના ખરીદી અને લોકશાહી સિદ્ધાંતોના પ્રમુખ તરીકે ઓળખાય છે. આ રાષ્ટ્રપતિઓને તેમના સમયગાળાના પડકારોનો સામનો કરવા અને દેશને આગળ વધારવા માટેના યોગદાન માટે ઊંચો દરજ્જો આપવામાં આવ્યો છે. તેમના નેતૃત્વ, નૈતિક સત્તા અને વિઝનને કારણે તેઓને સર્વોત્તમ રાષ્ટ્રપતિઓમાં સ્થાન મળ્યું છે.

રેમિટન્સ ટેક્સ ટ્રમ્પ તંત્રે સત્તા પર આવતા વાર શરુ કર્યો. જે અમેરિકામાં વસતા વસાહતીઓ વિરુદ્ધની ઝુંબેશનો એક હિસ્સો છે. ટ્રમ્પ અમેરિકનોને જે જંગી કરરાહત આપવા માગે છે તેનો ખર્ચ આવતાં દસ વર્ષમાં ૪૬૦૦ અબજ ડોલર અંદાજાય છે. એટલે તે ગમે ત્યાંથી ગમે તે બહાને નાણાં ઉસેડી લેવા આતુર છે. ભય એ છે કે ટેક્સનો દર સમય જતાં વધી પણ શકે. અત્યારે પણ મૂળ પ્રસ્તાવ પાંચ ટકાનો હતો. એનાથી મોટો ભય એ છે કે મોટી સંખ્યામાં વસાહતીઓ ધરાવતા બીજા દેશોને પણ આમ કરવાની લાલચ થઈ શકે. ભારત માટે આ ખરાબ સમાચાર છે. અમેરિકા સાથેના વેપાર કરારની આશામાં ભારતે એપ્રિલમાં છ ટકાનો ગૂગલ ટેક્સ સ્વીકારી લીધો હતો. આ હવે બીજો ફટકો છે. ભારત વેપાર મંત્રણામાં આ મુદ્દો ઉઠાવી શકે, પણ તેનું કોઈ પરિણામ આવવાની આશા નહિવત છે. અમેરિકામાં લાખો ભારતીયો બિનનાગરિક વિઝા પર રહે છે. રિઝર્વ બેન્કના અહેવાલ અનુસાર ૨૦૨૩-૨૪માં અમેરિકાથી ભારતમાં ૩૨ અબજ ડોલર રવાનગી પેટે આવ્યા હતા જે રવાનગીની કુલ આવકના ૨૭ ટકા હતા. વિદેશીવાસી ભારતીયો દ્વારા મોકલાતા નાણાં આપણી અર્થવ્યવસ્થામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે લાખો પરિવારોનો સહારો બને છે એટલું જ નહિ ચાલુ ખાતાની ખાધ ઓછી કરવામાં અત્યંત ઉપયોગી છે. વિદેશથી નાણાં અહીં મોકલતી વખતે આમ પણ ચલણની ફેરબદલી અને રવાનગી ફી તરીકે ૪-૫ ટકાનો માર પડતો હોય છે. તેમાં બીજા ૩.૫ ટકા ઉમેરાય તો નાની રકમ મોકલનારાઓ પર ભારણ વધી જશે. સંખ્યાની દ્રષ્ટિએ ૭૦ ટકા રવાનગી રૂ. ૫૦,૦૦૦ કરતાં ઓછી રકમની હોય છે. એ લોકો રકમ ઓછી કરી શકે. સધ્ધર લોકો રકમ ઓછી નહિ કરે પણ એનઆરઈ અને એફસીએનઆર જેવી ડિપોઝિટોને અસર પડી શકે. ભારતીય નાગરિકો અને કંપનીઓ અમેરિકામાં રોકાણ કરતી વખતે મૂડી પાછી લાવવામાં આ વધારાના ખર્ચને પણ ધ્યાનમાં લેશે. હવાલાના, અને કદાચ બીટકોઈનના કામકાજમાં વધારો થશે. પ્રસ્તુત ખરડો જૂન કે જુલાઈમાં સેનેટમાં પસાર થશે તો ૨૦૨૬થી અમલી બનશે. ભારતે તેનાં પરિણામો વેઠવા તૈયાર રહેવું પડશે. આ ઉપરાંત અમેરિકાના પ્રમુખે વિશ્વના દેશોની ધાક-ધમકી આપવાનું શરૂ કર્યું છે એને કારણે પણ અમેરિકાના ઈતિહાસના સૌથી વિવાદાસ્પદ પ્રમુખ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પનું નામ ગણવામાં આવે તો નવાઈ નહીં.

# ભાગીદારી



**નમસ્કાર મિત્રો,**

આજના અંકમાં આપણે એક સરળ પ્રકરણ 'ભાગીદારી' ની વાત કરીશું. આ પ્રકરણ માટે ગુણોત્તર અને પ્રમાણની જાણકારી હોવી જરૂરી છે. ખૂબ જ ઓછા અગત્યના મુદાઓ અને સૂત્રો પર આધારિત આ પ્રકરણ વાસ્તવમાં ગુણોત્તર અને પ્રમાણનો વ્યવહારમાં ઉપયોગ દર્શાવતું પ્રકરણ છે.

જયારે બે કે બેથી વધારે વ્યક્તિ ભેગી મળી કેટલીક શરતોને આધીન રહી કોઈ વ્યવસાય માટે સંયુક્ત પણે મૂડી રોકાણ કરી કોઈ વ્યવસાય માટે સહમત થાય તેને ભાગીદારી કહેવાય છે. બે કે બેથી વધુ વ્યક્તિ જે મૂડી રોકાણ કરે છે તેને ભાગીદાર કહે છે.

ભાગીદારો વચ્ચે નફા-નૂકસાનની વહેંચણી :-

☆ દરેક ભાગીદાર સમાન અથવા અલગ અલગ પ્રમાણમાં મૂડી રોકાણ કરે છે. તેમજ દરેક ભાગીદાર સમાન સમયગાળા માટે અથવા અલગ અલગ સમયગાળા માટે મૂડી રોકાણ કરે છે.

☆ જો દરેક ભાગીદાર સમાન સમયગાળા માટે અસમાન મૂડી રોકાણ કરે તો ધંધામાં થયેલ નફો કે ખોટ તેમના મૂડી રોકાણના પ્રમાણમાં (અથવા ગુણોત્તરમાં) વહેંચવામાં આવે છે.

દા.ત. A અને B વ્યક્તિ 1 વર્ષના સમયગાળા માટે અનુક્રમે રૂ. 12000 અને રૂ. 15000 રોકે છે. તો થયેલ નફો કે ખોટ મૂડીના પ્રમાણમાં એટલે કે 12000/15000 = 4/5 = 4 : 5 ના પ્રમાણમાં વહેંચાશે.

☆ જો દરેક ભાગીદાર અસમાન સમયગાળા માટે મૂડી રોકાણ કરે તો નફાની વહેંચણી માટે રોકેલી મૂડી અને સમયગાળો બંને ધ્યાનમાં લેવામાં આવે છે.

જો બે ભાગીદારો A અને B નુ અલગ અલગ મૂડી રોકાણ અનુક્રમે x1 અને x2 હોય તથા સમયગાળો અુનક્રમે t1 અને t2 હોય, તો થયેલ નફો કે ખોટનો ગુણોત્તર નીચે પ્રમાણે મેળવાય છે.

નફો કે ખોટનો ગુણોત્તર = A નું મૂડી રોકાણ x A નો સમયગાળો / B નું મૂડી રોકાણ x B નો સમયગાળો = x1 t1 / x2 t2 = x1 t1 : x2 t2

દા.ત. : A અને B બે ભાગીદારો ધંધામાં અલગ અલગ સમય અનુક્રમે 1 વર્ષ અને 2 વર્ષ માટે અલગ અલગ મૂડી રોકાણ અનુક્રમે રૂ. 30,000 અને 20,000 કરે તો

નફાનો ગુણોત્તર = x1 t1 / x2 t2

= 30,000 x 1 / 20,000 x 2 = 3/4 = 3:4 થશે.

☆ જો નફાનો ગુણોત્તર ધારો કે P1 : P2 હોય અને મૂડી રોકાણનાં સમયનો ગુણોત્તર t1 : t2 હોય, તો મૂડી રોકાણનો ગુણોત્તર

x1 : x2 = p1/t1 : p2/ t2

☆ જો ભાગીદારોની સંખ્યા બે કરતા વધુ હોય, તો ભાગીદારોની સંખ્યાને ધ્યાનમાં રાખી ઉપરનાં સૂત્રો પ્રમાણે ગણતરી કરી શકાય. હવે કેટલાક ઉદાહરણ જોઈએ.

ઉદાહરણ ૧ :- A અને B વ્યક્તિનું મૂડી રોકાણ 4 : 5 ના પ્રમાણ છે. જો વર્ષનાં અંતે રૂ. 54000 નફો થતો હોય, તો A અને B ને મળતી રકમ શોધો.

(A) રૂ. 20,000 અને રૂ. 34,000 (B) રૂ. 34,000 અને રૂ. 20,000
(C) રૂ. 25,000 અને રૂ. 29,000 (D) રૂ. 24,000 અને રૂ. 30,000

ઉકેલ: નફો મૂડીનાં પ્રમાણમાં વહેંચવામાં આવે છે. એટલે કે નફો 4 : 5 ના પ્રમાણમાં વહેંચાશે.

જો A ને રૂ. 4 અને B ને રૂ. 5 મળે તો કુલ નફો 4 + 5 = રૂ. 9 વહેંચાશે. તેથી A ને નફાનો 4/9 ભાગ અને B ને નફાનો 5/9 ભાગ મળશે.

તેથી A ને મળતો નફો = 54000 x 4/9 = રૂ. 24,000

B ને મળતો નફો = 54000 x 5/9 = રૂ. 30,000

Ans : (D)

ઉદાહરણ ૨ : જેનિકા અને મોનિકા અનુક્રમે રૂ.૮૦,૦૦૦ અને રૂ.૧,૫૦,૦૦૦ રોકાણ કરીને એક ધંધો શરૂ કરે છે. પાંચ વર્ષ પછી તેઓને કુલ રૂ.૯૨,૦૦૦ નફો મળે છે. તો મોનિકાને નફાનો કેટલો ભાગ મળશે ?

(A) રૂ. 32,000 (B) રૂ. 31,000 (C) રૂ. 33,000
(D) રૂ. 60,000

ઉકેલ : અહીં બંનેના મૂડી રોકાણનો સમયગાળો સમાન છે. બંનેના મૂડીરોકાણનો ગુણોત્તર = 80000/1,50,000= 8/15 = 8 : 15

તેથી નફો 8 : 15 ના ગુણોત્તરમાં વહેંચાશે. જો જેનિકાને રૂ.8 અને મોનિકાને રૂ.15 મળે તો કુલ નફો 8 + 15 = રૂ. 23 વહેંચાશે. તેથી મોનિકાને મળતો નફો = 92000 x 15/23 = રૂ. 60,000

Ans : (D)

ઉદાહરણ ૩: રાકેશ અને વિજય એક વ્યવસાયમાં ભાગીદાર છે. રાકેશ રૂ. ૬૪,૦૦૦, ૧.૫ વર્ષ માટે અને વિજય રૂ.૭૨,૦૦૦, ૧૫ મહિના માટે રોકે છે. જો કુલ નફો રૂ.૯૩,૦૦૦ થયો હોય, તો તેમાં વિજયનો ભાગ કેટલો હશે ?

(A) રૂ. 45000 (B) રૂ. 54000 (C) રૂ. 62000
(D) રૂ. 36000

**કારકિર્દી માર્ગદર્શન**
**- અમરેલી ગણિત વર્તુળ**
**સૂર્યકાંત પાઠક**
**મો.નં.૯૪૨૭૫૦૫૧૦૭**

ઉકેલ : અહીં બંનેનો સમયગાળો અલગ અલગ છે.

રાકેશ : ૧.૫ વર્ષ = 18 મહિના

વિજય : ૧૫ મહિના

તેથી નફાનો ગુણોત્તર = રાકેશનું મૂડી રોકાણ x સમય ગાળો / વિજયનું મૂડી રોકાણ x સમય ગાળો = 64000 x 18/ 72000 x 15 = 16/15

= 16 : 15

જો રાકેશને રૂ.૧૬ મળે અને વિજયને રૂ.૧૫ મળે તો કુલ 16 + 15 = રૂ. 31 વહેંચાશે. તેથી વિજયને નફાનો 15/31 મો ભાગ મળશે. તેથી વિજયને મળતી રકમ = 93000 x 15/31

= રૂ. 45.000

Ans : (A)

ઉદાહરણ ૪: A અને B ગુણોત્તર 3 : 2 જેટલી મૂડી રોકાણ કરીને એક ધંધો શરૂ કરે છે. કુલ નફાનો 5 % ભાગ દાન કરવામાં આવે છે. તથા A ને મળતો નફો રૂ. 11,400 હોય, તો થયેલ કુલ નફો શોધો.

(A) રૂ. 14,000 (B) રૂ. 15,000 (C) રૂ. 20,000
(D) રૂ. 16,000

ઉકેલ : A અને B નું મૂડી રોકાણ 3 : 2 ના પ્રમાણમાં છે.

ધારો કે કુલ નફો રૂ. x છે.

5 % નફો દાનમાં આપવામાં આવે છે. તેથી 95 % નફો બંને ભાગીદારોમાં વહેંચાશે.

A ને મળતો નફો = 3/5 x (95/100)x

તેથી 11,400 = 3/5 x 95/100x

તેથી 11,400 x 5 x 100/ 3 x 95 = x

તેથી x= 20,000

તેથી કુલ નફો રૂ. 20,000 થયો હશે.

Ans : (C)

ઉદાહરણ ૫: એક ધંધામાં A અને C 2 : 1 ના ગુણોત્તરથી રોકાણ કરે છે. જયારે A અને B વચ્ચેનો રોકાણનો ગુણોત્તર 3 : 2 છે. જો નફો રૂ. 1,57,300 થયો હોય, તો B ને ભાગે કેટલી રકમ આવશે ?

(A) રૂ. 72,600 (B) રૂ. 48,400 (C) રૂ. 36,300
(D) રૂ. 24,200

ઉકેલ : A અને C ના રોકાણનો ગુણોત્તર 2 : 1 છે.

A અને B ના રોકાણનો ગુણોત્તર 3 : 2 છે.

રોકાણનો ગુણોત્તર સમાન કરીશું.

૨ અને ૩ નો લ.સા.અ. = 6 આથી A અને C ના ગુણોત્તરને ૩ વડે અને A અને B ના ગુણોત્તરને ૨ વડે ગુણતા,

A અને C નો રોકાણનો ગુણોત્તર 6 : 3

અને A અને B નો રોકણનો ગુણોત્તર 6 : 4 થશે.

આમ, A, B અને C ના રોકાણનો ગુણોત્તર 6 : 4 : 3 થશે. તેથી નફો 6 : 4 : 3 ના પ્રમાણમાં વહેંચાશે.

B ને નફાનો 4/13 મો ભાગ મળશે.

B ને મળતી રકમ = 1,57,300 x 4/13 = રૂ. 48,400

Ans : (B)

હવે નીચેના પ્રશ્નો સ્વપ્રયત્નો ઉકેલો.

૧. રૂ.૩૬૨૦ A, B અને C વચ્ચે 3/4 : 3/5 : 5/3 ના પ્રમાણમાં વહેંચતા B ને કેટલા રૂપિયા મળે ?

(A) રૂ. 900 (B) રૂ. 820 (C) રૂ. 1220
(D) રૂ. 720

૨. વ્યકિત A, રૂ.7000 રોકીને ધંધો શરૂ કરે છે. તેના ૫ મહિના પછી વ્યક્તિ B ભાગીદાર તરીકે જોડાય છે. એક વર્ષ પછી મળેલ નફો 2 : 3 ના ગુણોત્તરમાં વહેંચવામાં આવે તો વ્યક્તિ B ની મૂડી કેટલા રૂપિયા હશે ?

(A) રૂ. 20,000 (B) રૂ. 18,000 (C) રૂ. 16,000
(D) રૂ. 22,000

૩. A રૂ. 40,000 સાથે ધંધો શરૂ કરે છે. ૪ મહિના પછી રૂ. રૂ. 80,000 સાથે B ધંધામાં જોડાય છે. ૬ મહિના પછી રૂ. 1,20,000 સાથે C વ્યાપારમાં જોડાય છે. તેઓની મૂડીનો ગુણોત્તર શોધો.

(A) 6 : 8 : 9 (B) 9 : 8 : 6 (C) 8 : 6 : 9
(D) 9 : 6 : 8

જવાબ :-

1. D 2. B 3. A

# સમય સમય બલવાન હૈ, નહિ પુરુષ બલવાન, કાબે અર્જુન લુંટીયા વહી ધનુષ વહી બાણ !




હેડા હેડા માનવીયું ને હેડી હેડી વાતડીયું! સમય સતત ગતિશીલ છે, સતત વહેતો રહે છે. વીતેલી ક્ષણોને પકડી શકાતી નથી પરંતુ મીઠી યાદો સ્વરૂપે ચિત્તમાં સંગ્રહી શકાય છે. કુટુંબ, પરિવાર, સગા સ્નેહી અને ભાઈબંધ દોસ્તારો સાથે વિતાવેલી સુખદ પળોની યાદોને વાગોળવાની પણ લિજ્જત હોય છે. એમાંય વર્ષો પહેલા સાથે રહેલા કે રમેલા બાળપણના ગોઠિયા સમયના પ્રવાહમાં દૂર દૂર સુધી તણાય ગયા પછી વર્ષો બાદ વિખૂટા પડેલા ગોઠિયા અચાનક ક્યાંક સમયના સંજોગે મળી જાય ત્યારે વ્યસ્ત પળોમાં પણ ઘડી બે ઘડી વીતેલા વર્ષોના સુખદ સંભારણા વાગોળતા પાનખર પછીની વસંતમાં વૃક્ષોમાં નવી કૂંપળો ફૂટે અને વૃક્ષનો વૈભવ જેમ પરત ફરે એવા સુખની કૂંપળો મનુષ્યના હૃદયમાં ફૂટે છે અને બન્ને હૈયા આનંદની છોળોમાં હિલોળા લે છે. આવી ઘડી બે ઘડીની ભૂતકાળની ખાટી મીઠી યાદો સાથેની મુલાકાત એટલે વર્ષોથી ડિસ્ચાર્જ થયેલા સ્નેહના સંબંધોને ફરી રિચાર્જ કરી દે છે. આવું અલપઝલપ જેવું મિલન જાણે ગાગરમાં સાગરની જેમ આખું આયખું આનંદ અપાવનાર સાબિત થાય છે. અમુક લોકો એવા હોય છે જે ભલે અંતરથી દૂર હોય છે પણ અંદરથી સાવ નજીક વસવાટ કરતા હોય છે. એને જીવનભર ભૂલી શકાતા નથી અને સમયના તકાજાના કારણે ભલે બહુ લાંબા સમયે મળતા હોય, પરંતુ જ્યારે મળે ત્યારે ખૂબ હેતથી મળતા હોય છે. દિલથી વાર્તાલાપ કરતા હોય છે.



**મનન ચિંતન**
ભરત બાવીશી

આવુ જ કુટુંબ પરિવારના ભા વચ્ચે થતું હોય છે. જ્યારે બાળપણમાં ટાંચા સાધન સગવડ વચ્ચે જે રીતે ખાટી મીઠી ધીંગામસ્તી કરી હોય, એકબીજાની કાળજી રાખી હોય એ સમયની હૃદયસ્થ થયેલી નાની નાની વાતો મોટા થયા પછી સાંસારિક જીવનમાં આવતી મુશ્કેલીઓ વખતે યાદ આવી જાય છે. એ વખતની જવાબદારી વગરની જિંદગીની મોજ-મસ્તી અને હાલના સમયની જવાબદારીઓના બોજ સાથેની જિંદગી વચ્ચેના રહસ્યનો ભેદ સમયના ગર્ભમાં સંગ્રહાયેલ યાદોના એક એક થરને ઉખેડતા હાલની સમસ્યાના ઉકેલ મળતા હોય છે. આ બધી સમયની બલિહારી છે. સમયે સમયે બદલાતા સામાજિક, ધાર્મિક અને આર્થિક રીતરિવાજો અને વ્યવહારો સાથે સતત અનુકૂલન સાધીને જીવતો ઈન્સાન ક્યારેક સમયની ગર્તામાં સરી પડે છે અને વર્તમાનને ભૂલીને ઘડીભર ભૂતકાળમાં જીવવા માંડે છે. સમાધિ જેવી આવી યાદો વાળી સમયની પળો પણ જીવનનો એક અમૂલ્ય હિસ્સો હોય છે. ફરી પાછો વીજળીના ચમકારા જેવો વર્તમાન સમયનો અહેસાસ થતા જબકીને જાગી જાય છે અને અધૂરા અરમાનો પૂરા કરવા ફરી પાછો સમયના પટે ચડીને દોડવા લાગે છે. ફરી પાછો રૂટિન કામોમાં ગૂંથાઈ કે ગૂંચવાઈ જાય છે. સમયની સાંકળ સંધાતી જાય છે, ઉંમર અને આયખું વધતું જાય છે. બાળપણ પછી યુવાની અને યુવાની પછી ગઢપણ આવે છે. જીવનની આ સફરમાં માણસનો કાયમી સાથી અને સાક્ષી સમય હોય છે. આ સમયની સફરમાં હમસફર મળે છે, કુટુંબ કબીલા મળે છે અને મિત્રો મળે છે. ફરી પાછા એ જ સમયની સફરમાં ગૂંથેલી માળાના એક પછી એક મણકા તૂટતાં જાય છે, એકબીજાનો સાથ છોડતા જાય છે અને નવા મણકા જોડતા જાય છે. એમ કરતાં કરતાં એક સમય એવો આવે છે કે જૂની માળાનો એકાદ રહ્યો-સહ્યો મણકો પણ જ્યારે ખરી જાય છે અને આખરે આખે-આખી માળા જ નવી બની જાય છે ત્યારે એવું લાગે કે આખો યુગ બદલાય ગયો છે! આવી રીતે વર્ષો પહેલા એક ભાણે જમતા સાવ નજીકના ગણાતા લોકો સમયની રફતાર સાથે દૂર દૂરના બની જાય છે. આપણા સૌના જીવનની આ કોમન કહાની હોય છે અને દરેકના જીવનમાં સારો મોળો સમય આવતો હોય છે. પણ સમયના દરેક પડાવમાં સમય મુજબ સમજણથી જીવી જનાર કોઈનાથી હારીને પણ સમયને જીતી જાય છે. બાકી તો દરેકના સમયનો સાચો સાથી અને સાક્ષી સમય જ છે. સમયને સાચવી લો તો સમય તમને સાચવી લેશે. અસ્તુ.

# એક માણસની મહેનત, જળક્રાંતિ - હવે આમ્રક્રાંતિ આપણે ક્યાં ???

સંજોગ ન્યૂઝ પેપરના માધ્યમથી ખેતી, ખેડૂત અને ગામડાઓમાં રહીને પરસેવાની મહેનત થકી પોતાની ઓળખ ઉભી કરનારા યોધ્ધાઓનો પરિચય કરાવવા માટે મેં ૨૦૨૨માં શરૂ કરેલ "ઝાકળ બિંદુ" કોલમ ૩ વર્ષ પૂરા કરીને વાંચકોના આશીર્વાદ થકી ૪થા વર્ષમાં પ્રવેશ કરી રહી છે.

ભગવાન શ્રી કૃષ્ણએ ગીતામાં કહ્યુ છે, 'તું કર્મ કર ફળની અપેક્ષા ન રાખ.' નૈતિકતા, સત્યની નજીક અને ખોટી ખુશામત વિના હૃદય ભાવથી એક એક ખેડૂતો, સામાજીક આગેવાનોને ઢંઢોળી-ઢંઢોળીને તમારા સમક્ષ લાવવાનો પ્રયત્ન કર્યો છે. જેમાંથી ખેડૂતોને પ્રેરણા મળે, નવા એગ્રી એન્ટરપ્રિન્યોરને પ્રેરણા મળે તેવા પ્રયત્ન રહ્યા છે અને રહેશે પણ ખરા.

પોતાની મહેનત, યોગ્ય દિશામાં કામનું આયોજન અને કર્મના સિધ્ધાંતોને પોતાના ખોળીયામાં ઉતારી ખેડૂતો માટે, ખેતમજૂરો માટે, માલધારીઓ માટે, આમ ગણો તો માનવજાત માટે કામ કરતા જળક્રાંતિના પ્રણેતા મનસુખભાઈ સુહાગીયાએ પોતાના ફાર્મ ઉપર ૨૦૦ કરતા પણ વધારે જાતની કેરીની કલમો લગાવી છે. લુપ્ત થતી અનેક જાતોનું સર્વધન કરી રહ્યા છે. પીવાના પાણીની કાયમી તંગી ભોગવતા સૌરાષ્ટ્ર-કચ્છની તરસ છીપવવા માટે તત્કાલીન મુખ્યમંત્રી ખેડૂત નેતા સ્વ. કેશુબાપા પટેલે લોકભાગીદારીથી તળાવો, ચેકડેમો બનાવવાની યોજના અમલી બનાવી હતી ત્યારે જળક્રાંતિ ટ્રસ્ટના પ્રમુખ ખેડૂત પુત્ર મનસુખભાઈ સુહાગીયાના નેતૃત્વમાં ખૂબ સારૂ કામ થયુ હતું. લોકફાળો, જનભાગીદારી અને શ્રમદાનના માધ્યમથી અત્યાર સુધીમાં ૩૨૦૦ જેટલા ચેકડેમો બન્યા. ભારે વરસાદ છતા કયાંય ચેકડેમો તૂટ્યા નથી. મોટા ખર્ચાઓ કરી નાનકડા ચેકડેમો બનાવતુ તંત્ર તૂટેલા ચેકડેમો રીપેરીંગ કરવામાં પણ રસ દાખવતું નથી. ખેર સમયની બલીહારી છે.

માણસ પાસે ગમે એટલા રૂપિયા આવી જાય, રૂપ આવી જાય, પદ આવી જાય પણ એ જીરવી ના શકે તો કોઈ તેને યાદ પણ નથી કરતું. પણ ગામડા ગામના એક ડોશીમા વૈદુ જાણતા હોય, પરિશ્રમ કર્યો હોય તો એ ગામ તો શું આજુબાજુના પંથકમાં કયારેય એ ભૂલાતા નથી. વર્તમાન સમયમાં કળયુગ છે એટલે સત્ય મુંજાય અને પાખંડી ફાવે તે હાલત છે.

મનસુખભાઈ કહે છે. આજે લોકોની નજર મોટા માણસો સામે જ છે. જીવનમાં જરૂર નાનાંની પણ પડવાની છે એ યાદ રાખો. તાજેતરમાં રાજકોટ પાસેના પોતાના સંસ્કૃતિ ફાર્મમાં ૨૦૦ પ્રકારના દેશી આંબા અને ૨૦ પ્રકારના દેશી શાકભાજી નિદર્શન કાર્યક્રમ યોજાઈ ગયો. ધરામૃત કુંડ નિદામણને જમીનમાં ભેળવીને બંજર



**ઝાકળનું એક બિંદુ**
હિરેન હિરપરા

જમીનને પ્રાણવાન ધરતીમાં રૂપાંતર કરી આંબાના પ્રાકૃતિક આચ્છાદાન સારી ઉપજ મેળવવામાં સફળતા મેળવી છે. આજે શેઢાપાળાના વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવ્યુ છે. શેઢાપાળાની વાડ એ કુદરતી દેન છે. જેના હિસાબે પણ પાક માવજત અને રોગ જીવાત નિયંત્રણ - ઉત્પાદનમાં ફેર પડે છે.પણ આજે હવે સમજે કોણ ? પોતાના બગીચામાં આંબા વચ્ચે ફીડલીયા થોરનું વાવેતર કરેલ છે. જેના હિસાબે ઉત્પાદન ક્ષમતામાં વધારો થયો છે. કેસર કેરીના સ્વાદ કરતા પણ દેશી કેરીની વિવિધ વેરાયટીઓનો સ્વાદ ખૂબ સારો હોય છે. પ્રાકૃતિક ખેતી અને ગાયના મહત્વ વિશે ઋષિતુલ્ય આ વ્યકિત સારૂ કામ કરી રહ્યા છે. ભારતમાં લુપ્ત થતી ૨૦૦ શ્રેષ્ઠ જાતો બચાવીને ૧૦૦૦ જેટલી નવી જાતોનું ભારત માતાના ચરણોમાં ખેતીપ્રધાન દેશમાં ખેડૂતોને સમૃધ્ધ કરવા સંશોધન કરી રહ્યા છે. વિકસાવી રહ્યા છે. આ કોઈ નાનું કામ નથી. મનસુખભાઈ કહે છે, 'સુખી





થવા માટે સત્ય જાણી ત્યાંથી જ અમલ કરો. કામ કરતા રહો અને હૃદયમાં પ્રેમ રાખો, જે કામ હાથમાં લ્યો તેની સફળતા માટે કઠોર પરિશ્રમ કરો, સંઘર્ષ કરતા રહો !!! સત્ય - નિષ્ઠા અને દરેક સાથે મિત્રભાવ રાખો.' આજે આ માણસ જળક્રાંતિ, ગૌક્રાંતિ અને હવે જળક્રાંતિ તરફ આગળ વધી રહ્યા છે. **મસખુભાઈ સુહાગીયાનો સંપર્ક નં. ૯૦૯૯૩૫૧૩૦૧** છે.

**-:: તિખારો ::-**

**પરિસ્થિતી ભલે ગમે તેવી આવે પણ સત્ય, નિષ્ઠા, વિચાર અને કર્મને સંઘર્ષના સમયે જાળવી રાખો. કેમ કે, યોગ્ય સમય આવતા જ ખાટી કેરી પણ મીઠી બને છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર.ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

આપણે જાણીએ છીએ કે આ વખતે ચોમાસુ વહેલા આવવાની શક્યતા પૂરેપૂરી છે આ વખતે જૂનના પહેલા વીકમાં વરસાદ આવવાની શક્યતા રહે છે તો એ પ્રમાણે વાવેતર કરવું જોઈએ અને એમાં પણ ખાસ કરીને જોઈએ તો ટૂંકા ગાળાના પાકો બને ત્યાં સુધી ૧૫ જૂન પહેલા વાવવા જોઈએ નહીં. અત્યારે એક જૂન થી ૧૫ જૂનની વચ્ચે ખાસ કરીને આપણે મગફળી, કપાસ આ પાકોનું વાવેતર કરવું જોઈએ. બીજું અત્યારે માવઠાને કારણે ઘણા ખેડૂતોએ વાવેતર કરી દીધું છે પણ આ વાવેતર હજુ વહેલા થશે.

## કપાસ :

■ ચોમાસાની અનિશ્ચિતતા અને રોગ જીવાતના વધુ ઉપદ્રવને કારણે પાક નિષ્ફળ જાય તેવા સંજોગોમાં કપાસ આધારિત પાક પદ્ધતિઓ જેવી કે આંતરપાક પદ્ધતિ ખેડૂતોએ અપનાવવી જોઈએ.

■ સામાન્ય રીતે વાવણીલાયક વરસાદ થયેથી જૂન મહિનાના બીજા અઠવાડિયાથી જુલાઈના પ્રથમ અઠવાડિયા સુધીમાં કપાસનું વાવેતર કરી શકાય. તેનાથી વહેલું વાવેતર કરવાથી કપાસમાં જીંડવાની ગુલાબી ઈયળનો ઉપદ્રવ વધે છે, તેથી કપાસનું ઉત્પાદન ઘટે છે.

■ કપાસની તમારા વિસ્તાર માટે પ્રચલિત જાતનું વાવેતર કરવું.

■ કપાસના બિજને વાવતા પહેલા પેકેટ દીઠ ૪૦ ગ્રામ એઝેટોબેક્ટર અને ૪૦ ગ્રામ ફોસ્ફરસ સોલ્યુલીલઈઝિંગ બેક્ટેરીયા (પી.એસ.બી) કલ્ચરનો પટ્ટ આપી ૩૦ મિનિટ સુધી છાયડામાં સુકવીને વાવણી કરો.

■ એરંડીયા ખોળનો ઉપયોગ કરવો.

■ હેક્ટર દીઠ રાસાયણિક ખાતર ૧૮૦ - ૩૭.૫૦ - ૧૧૨.૫૦ કિલો એન.પી.કે. આપવું. ઉપરાંત ઝીંક સલ્ફેટ આપવું જોઈએ



■ ભાષ્મિક અને ખારી ભાષ્મિક જમીનમાં કેલ્શિયમ, એમોનિયમ નાઈટ્રેટ અને ડીએપી ખાતર આપવાથી ફાયદો થાય છે.

■ માઇક્રોરાઇઝાનો ઉપયોગ કરો.

## સોયાબીન :

■ બિયારણનો દર ૫૦ થી ૬૦ કિલો હેક્ટર દીઠ રાખવો.

■ ઓછા વરસાદવાળા વિસ્તાર માટે સોયાબીન-૧, ૨, ૩ નું વાવેતર કરવું.

■ સોયાબીન – જીએસ-૪, એન.આર.સી.-૩૭, અહલ્યા-૪, ગુ.સો.-૧, જીજેએસ-૩ દ.ગુ. માટે ગુ.સો- ૨, ૩ કે ડીએસ-૩૪૪નું વાવેતર કરો.

■ હેક્ટર દીઠ રાસાયણિક ખાતર ૩૦ -૬૦ -૨૦ કિલો એન.પી.કે. આપવું.

■ વધુ ઉત્પાદન મેળવવા માટે ૨૫ કિ.ગ્રા. બિયારણ દીઠ ૨૫૦ ગ્રામ રાઈઝોબિયમ કલ્ચરની માવજત આપવી જરૂરી છે.

■ સોયાબીન-દિવેલા રીલે પાક પદ્ધતિ અપનાવી જોખમ ઘટાડો.

## બાજરી :

■ ચોમાસુ: મોડી પાકતી: જીએચબી-૫૫૮, ૭૩૨

■ મધ્યમ પાકતી: જીએચબી-૭૪૪, ૯૦૫

■ વહેલી પાકતી: જીએચબી-૫૩૮, ૭૧૯

■ જસતની ઉણપવાળી જમીનમાં વાવણી સમયે ૨૦ કિ.ગ્રા. ઝીંક સલ્ફેટ પ્રતિ હે. આપવા ભલામણ કરવામાં આવે છે.

■ લોહ અને જસતની ઉણપ ધરાવતી જમીનમાં પાયાના ખાતર સાથે ૧૫ કિ.ગ્રા. ફેરસ સલ્ફેટ પ્રતિ હેક્ટરે આપવું. અથવા ગવર્નમેન્ટ નોટીફાઈડ ગ્રેડ-૪ ના ૧% નાં દ્રાવણનો વાવણી પછી ૨૦, ૩૦ અને ૪૦ દિવસે છંટકાવ કરવો.

## શાકભાજી :

■ આનંદ દુધી -૧, પૂસા સંકર-૩, પંજાબ ગોળ, અર્કા બહાર, પૂસા નવીન માંથી કોઈ એક દુધીની જાતનું વાવેતર કરવું.

■ ગુજરાત ભીંડો – ૬, ગુજરાત સંકર ભીંડો – ૨, ગુજરાત જૂનાગઢ ભીંડો-૩ અને ૪ નું વાવેતર કરવું. ચોમાસુ ભીંડાનાં પાકમાં રાસાયણિક ખાતર ૭૫-૨૫-૨૫ એન.પી.કે. આપવું.

■ જી-ટી-૯ અન્ય માટે ગુ.ટમેટી-૧, ૨, એમએચ-૬, એનએ-૫૦૧, ૬૦૧, જૂનાગઢ ટમેટા -૩, આણંદ ટમેટા- ૩ અને ૪, પૂસા ગૌરવ, પૂસા રૂબી, પૂસા હાઈબ્રીડ–૨ તથા ૪ વગેરે ટામેટાની જાતોનું વાવેતર કરવું. એક હેક્ટર વાવેતર માટે ૧૫૦ ચો.મી. ધરુવાડિયાની જરૂર પડે છે તેમાં હાઈબ્રીડ જાત માટે ૧૫૦ થી ૨૦૦ ગ્રામ તેમજ અન્ય જાત માટે ૩૦૦ થી ૩૫૦ ગ્રામ બીજની જરૂર પડે છે. રાસાયણિક ખાતર ૭૫-૩૭.૫-૬૨.૫ એન.પી.કે. આપવું.

■ સુરણ: જી.એ.એફ.વાય-૧ (સ્વાગત) નું વાવેતર કરો

## બાગાયત :

### આંબામાં ચીપિયા કલમ અથવા નૂતન કલમનો ઉપયોગ કરો :-

■ રોપણી વખતે આ કલમો ફક્ત એક ડાળીવાળી હોવાથી રોપ્યા પછી ઈચ્છિત ઉંચાઈએથી કેળવણી અને છટણી કરી કેનોપી મેનેજમેન્ટ કરી શકાય છે.

■ રોપતી વખતે કલમો એકસરખી ઉંચાઈની હોવાથી વાડી એકસરખી બને છે જે ઘનિષ્ઠ વાવેતર માટે અગત્યનું પરિબળ છે.

■ ભેટ કલમ કરતા કિંમત લગભગ અડધી કે તેથી ઓછી અને ઘનિષ્ઠ વાવેતરમાં એકમ વિસ્તાર દીઠ વધુ કલમો આવતી હોવાથી કલમ રોપણીનો ખર્ચ ઘણો ઘટે છે.

■ કલમ કતરી વખતે મૂલકાંડને ઓછું નુકસાન થાય છે. આ કારણથી



રેતાળ, ડુંગરાળ જેવા વિસ્તાર કે પછી જ્યાં ખુબ પવન આવતો હોય તેવા વિસ્તારમાં આ કલમોની રોપણી કરવાથી ધોરી મૂળ જમીનમાં નીચે ઉતરી કલમને પકડી રાખે છે અને ઝાડ ઢળી પડતા નથી.



■ આંબામાંથી ફળ ઉતારી લીધા બાદ ઝાડ ઉપર યુરિયા ૨% નો છંટકાવ કરવો, સૂકી ડાળીઓ, માલ ફોરમેશન વગેરે કાપીને નાશ કરવો.

■ આંબામાં છટણી કરવાનો સમય ફળ ઉતાર્યા બાદ તુરંતનો સારો ગણાય છે. પરંતુ ચોમાસાની ઋતુ અને ઝાડના વિકાસને ધ્યાનમાં રાખી ઓક્ટોબર-નવેમ્બર માસમાં ત્રણથી ચાર મીટરની ઉંચાઇએ છત્રી આકારે હેડીંગબેક પદ્ધતિથી છટણી કરવી.

■ જામફળ :- લખનૌ -૪૯ (સરદાર) જાતનું વાવેતર કરવું.

■ ચીકુ :- કાળીપતી, પીળીપતી તેમજ પીકેએસ-૩, ૫ નું વાવેતર કરવું.

■ પ્રથમ વર્ષે વાવેતર કરેલ ચીકુના ઝાડ દીઠ ૫ કિ.ગ્રા. છાણિયું ખાતર જૂન માસમાં અને પૂર્તિખાતર તરીકે ૧૦૦ ગ્રામ નાઈટ્રોજન, ૫૦ ગ્રામ ફોસ્ફરસ અને ૫૦ ગ્રામ પોટાશ બે સરખા હપ્તામાં જૂન અને ઓક્ટોબર માસમાં આપવું.

■ ચીકુ ફળોને ઉતાર્યા બાદ ૧૫૦ પી.પી.એમ. જીબ્રેલીક એસિડના દ્રાવણમાં ૮ થી ૧૦ મિનિટ બોળ્યા બાદ કાગળના બોક્ષમાં ભરવાથી તેની ટકાઉશક્તિ વધે છે.

## સજીવ ખેતીમાં પોષણ વ્યવસ્થા :

■ સજીવ ખેતીમાં જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા ટકાવી રાખવા માટે જમીન ભુખી ન રહેવી જોઈએ. પુરા વૈજ્ઞાનિક અભિગમથી વિવિધ સેન્દ્રીય ખાતરો ખેતરમાં આપવા જોઈએ. તે માટે ગળતીયું છાણીયું ખાતર, કમ્પોષ્ટ, અળસિયાનું ખાતર, મરઘાં-મતકાંની ચરક, વિવિધ પ્રકારના ખોળ, રોક ફોસ્ફેટ, લીલો પડવાશ, પાક અવશેષોને જમીનમાં દાટીને, પાક અવશેષોનું આવરણ તરીકે ઉપયોગ કરીને, એઝોલા, વિવિધ જૈવિક ખાતરો, ગોબરગેસ પ્લાન્ટની રબડી વગેરેનો ઉપયોગ કરવો અને વધારેમાં વધારે કાર્યક્ષામતાથી પોષક તત્વોનો ઉપયોગ થાય તેનું વૈજ્ઞાનિક રીતે આયોજન કરી ધ્યાન રાખવું જોઈએ.

### પાકમાં રાસાયણિક ખાતરનો જથ્થો નીચેની બાબતો ઉપર આધાર રાખે છે.



■ ૧) પાક અને તેની જાત: પોષક તત્વોની જરૂરિયાતનો મોટો આધાર પાક અને તેની જાત ઉપર રહે છે. કઠોળ વર્ગના પાકોમાં નાઈટ્રોજનની જરૂરિયાત ઓછી અને ફોસ્ફરસની જરૂરિયાત વધુ હોય છે. જયારે ધાન્ય વર્ગના પાકોમાં નાઈટ્રોનની જરૂરિયાત વધુ હોય છે. લાંબા ગાળાના અખતરાના પરિણામો ઉપરથી એ સ્પષ્ટ થયું છે કે કપાસમાં ફોસ્ફરસની જરૂરિયાત અન્ય પોષક તત્વો અને પાકોની બાબતમાં પણ છે. કપાસની સંકર જાતોની નાઈટ્રોજનની જરૂરિયાત દેશી જાતો કરતાં ઘણી વધારે છે. જયારે બી.ટી. જાતોની નાઈટ્રોજનની માંગ સંકર જાતો કરતાં પણ વધારે છે. તેજ રીતે મકાઈની સંકર જાતો માટે ૧૦૦ કિ.ગ્રા. નાઈટ્રોજન જયારે સ્થાનિક જાતો માટે ૬૦ કિ.ગ્રા. નાઈટ્રોજન પૂરતો છે.

■ ૨) સામાન્ય રીતે ટુંકા ગાળે પાકતાં પાકો માટે ખાતરનો ઓછો જથ્થો જોઈએ, જયારે લાંબા ગાળે પાકતાં પાકો માટે ખાતરનો વધુ જથ્થો જોઈએ. દા.ત. ડાંગરની વહેલી, મધ્યમ મોડી અને મોડી પાકતી જાતો માટે અનુક્રમે ૮૦, ૧૦૦ અને અને ૧૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજનની ભલામણ કરવામાં આવે છે.

■ ૩) જમીનમાં લભ્ય પોષકતત્વોનું પ્રમાણ: જમીનમાં રાસાયણિક પૃથ્થકરણના આધારે જમીનમાં લભ્ય પોષક તત્વોનું પ્રમાણ કેટલું છે તે જાણી શકાય છે. જે તે જમીનમાં પોષક તત્વોની લભ્યતા ઓછી, મધ્યમ કે વધારે નક્કી કર્યા બાદ જ ખૂટતાં પોષક તત્વોનો જથ્થો અનુકૂળ સ્ત્રોતથી આપવાનો થાય. જમીનમાં પોષક તત્વોની લભ્યતા જમીનમાં ભેજનું પ્રમાણ, જમીનનો અમ્લતા આંક અને જમીનમાં ક્ષારનું પ્રમાણ પર આધારીત છે.



# આંબાના ચીકટો (મીલીબગ)ને ઓળખીએ

પૂર્વી એમ. પટેલ, ડો. ડી.એચ. પઢિયાર અને ડો. એસ.આર. પટેલ કીટકશાસ્ત્ર વિભાગ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

ઓળખ: બચ્ચાં અને પુખ્ત માદા કીટક ચપટાં અને લંબગોળાકાર હોય છે. જેના પર સમય જતાં મીણના તાંતણાંનો વિકાસ થતાં આખું શરીર રૂ જેવા ભાગોથી ઢંકાયેલું જોવા મળે છે. નર કીટક કદમાં નાના, એક જોડી પાંખવાળા, લાલાશ પડતા શરીરવાળા હોય છે.

**નુકસાન:**

બચ્ચાં તેમજ માદા કીટક કૂમળા પાન, ડૂંખ, કુમળી ડાળીઓ તથા ફળ અને તેના ડીટાં પર જામી જઈ રસ ચૂસે છે. ફળ પર ચિકટો લાગવાથી ફળની ગુણવત્તા પર માઠી અસર પડે છે. માર્ચના અંતથી મે દરમ્યાન પુખ્ત માદા કીટક ઝાડ પરથી ઉતરી જમીનમાં ઉંડે સફેદ ગોળાકાર કે લંબગોળાકાર બોગદું બનાવી તેમા ઈંડાં મૂકે છે. ત્યારબાદ માદા મૃત્યુ પામે છે. આવા ઈંડાં જમીનમાં સુષુપ્ત અવસ્થામાં રહે છે. શિયાળાની ઠંડી ઈંડાંની સુષુપ્ત અવસ્થા ભંગ કરે છે. જેથી તે સેવાય છે અને ઈંડાંમાંથી નીકળેલાં બચ્ચાં ઝાડના થડ પર થઈ ડાળીઓ સુધી પહોંચી જાય છે. ઘણી વખત રાતી કીડીઓ બચ્ચાંને ઝાડ પર ચઢવામાં આડકતરી રીતે મદદ કરતી હોય છે.



**સંકલિત વ્યવસ્થાપન :**

♦ માદા કીટક જમીનમાં ઈંડાં મૂકતી હોવાથી ઉનાળામાં તથા ચોમાસુ પુરૂ થયે ઝાડની ફરતે ખેડ કરતાં રહેવું.

♦ ઝાડની ફરતે જમીન પર સ્પર્શક પ્રકારની દવાની ભૂકી નવેમ્બર મહિનામાં થડની ફરતે ગોડ કર્યા બાદ ભભરાવવાથી ઈંડાંમાંથી નીકળતા બચ્ચાંનો નાશ થઈ શકે.

♦ ઝાડના થડની ફરતે જમીનથી એક મીટર ઉંચે પ્લાસ્ટિકનો પટ્ટો લગાડીને તેની બન્ને ધારો પર ગ્રીસ અથવા કોઈ ચીકણો પદાર્થ લગાવવાથી બચ્ચાંને ઝાડ પર ચઢતાં રોકી શકાય છે.

♦ નુકસાન થયેલ કેરી ડીચા સાથે તથા રાતી કિડીઓના માળા તોડી નાશ કરવો જેથી વધુ નુકસાન અટકાવી શકાય.

♦ જો જંતુનાશક છાંટવાની જરૂરિયાત હોય તો ઈમિડાક્લોપ્રિડ ૧૭.૮ એસએલ અથવા ટોલફેનપાયરાડ ૧૫ ઈસી ૩-૪ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી નુકસાન થયેલ ભાગો ઉપર જ સ્પોટમાં છંટકાવ કરવો (છંટકાવ બાદ ૭ થી ૧૨ દિવસ પછી કેરી ઉતારવી) તેમજ આ જીવાતનું શરીર મીણના પાવડરથી ઢંકાયેલું હોવાથી જંતુનાશક દવા સાથે સારી ગુણવત્તાવાળો સાબુનો પાવડર ૧ થી ૨ ગ્રામ પ્રતિ લિટર પાણીમાં ઉમેરવાથી જંતુનાશક દવાની અસરકારકતા વધારી શકાય છે.

જો સાબુનો પાવડર હોય તો ૧૫ લિટરના પ્રવાહી મિશ્રણ માટે સૌ પ્રથમ ૧૫ થી ૩૦ ગ્રામ સાબુનો પાવડર થોડા પાણીમાં ઓગાળી ત્યારબાદ તેને ગાળીને આ દ્રાવણ પંપમાં ઉમેરવું. જેથી છંટકાવ કરતી વખતે કોઈ મુશ્કેલી ઉભી ન થાય અને એક સરખો છંટકાવ થઈ શકે.

# મગફળીમાં સફેદ ઘૈણના સંકલિત વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં અને વાવણી સમયે સાવચેતી રાખવા અમરેલી જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા અનુરોધ

પ્લાન્ટ પ્રોટેક્શન એસોસિએશન ઓફ ગુજરાત અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની વિગતોને આધારે અમરેલી જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા મગફળીમાં સફેદ ઘૈણના સંકલિત વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં અને વાવણી સમયે સાવચેતી રાખવા અનુરોધ કર્યો છે. ઉનાળામાં ઉંડી ખેડ કરવી જેથી જમીનમાં રહેલ કોશેટા તથા સુષુપ્ત અવસ્થામાં રહેલ પુખ્ત કીટકો (ઢાલિયા) બહાર આવવાથી સૂર્યતાપથી અથવા પરભક્ષીઓથી તેનો નાશ થાય છે. સાંજના સમયે ખેતરના શેઢાપાળા પરના ઝાડને હલાવી તેના પર બેઠેલા ઢાલિયાને નીચે પાડી કેરોસીનવાળા વાસણમાં ભેગા કરી નાશ કરવો. ઘૈણના ઢાલિયા કીટકો પ્રકાશ તરફ આકર્ષાતા હોવાથી રાત્રિ દરમિયાન પ્રકાશ પીંજર ગોઠવી આકર્ષાયેલા ઢાલિયા ભેગા કરી તેનો નાશ કરવો.



મુંડાના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે બ્યુવેરિયા બાસિયાના અથવા મેટારિઝિયમ એનિસોપ્લી ૧.૧૫ વેટેબલ પાઉડર (ન્યૂનતમ ૨ ૧૦૬ સીએફયુ/ગ્રામ) વાવેતર પહેલા એરંડીના ખોળ (૩૦૦ કિ.ગ્રા/હે) સાથે જમીનમાં આપવાની ભલામણ છે. પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોએ બીજામૃતનો પટ આપી બીજને છાંયડામાં સૂકવી વાવેતર કરવું. વાવેતર સમયે ૧૦૦ કિલો છાણિયું ખાતર અને ૧૦૦ કિલો ઘન જીવામૃત ભેળવીને ૧ એકર જમીનમાં નાખવું. ખેતરમાં પાક અવશેષોનું મલ્ચિંગ કરવું.

મગફળી સાથે કપાસ, તુવેર, તલ, સૂર્યમુખી જેવા પાકોને આંતરપાક તરીકે લેવા. જેમ કે, મગફળીની વેલડી જાતનું ૯૦ સે.મી.ના અંતરે વાવેતર કરી વચ્ચે સૂર્યમુખીની એક હાર કરવી અથવા આડી મગફળીના ઉભા પાકમાં છેલ્લી આંતરખેડ પછી તુવેરની મધ્યમ મોડી પાકતી જાત બીડીએન-૨ મગફળીની બે હાર વચ્ચે વાવવી. મુંડાના અસરકારક નિયંત્રણ માટે વાવેતર પહેલા ચાસમાં દીવેલીનો ખોળ ૫૦૦ કિ.ગ્રા./હે. પ્રમાણે આપવું. પાક વાવતી વખતે ચાસમાં કલોરપાયરિફોસ ૧૦ જી હેક્ટરે ૧૦ થી ૧૫ કિ.ગ્રા. પ્રમાણે આપવું.

જરુરિયાત ધ્યાને લઈ સફેદ ઘૈણ-મૂંડાના નિયંત્રણ માટે કલોરપાયરીફોસ ૨૦% ઈ.સી. ૨૫ મિ.લિ. અથવા ફીપ્રોનીલ ૪૦% + ઈમીડાકલોપ્રીડ ૪૦% ડબલ્યુજી ૧ થી ૫ ગ્રામ અથવા કલોથીયાનીડીન ૫૦% ડબલ્યુડીજી ૪ ગ્રામ પ્રતિ ૧ કિલો બીજ દીઠ બીજને પટ આપી, બે ત્રણ કલાક બીજને પટ આપી, બે ત્રણ કલાક બીજને છાંયડામાં સૂકવી પછી બીજનો વાવેતર માટે ઉપયોગ કરવો. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા.

આ અંગે વધુ વિગતો, જાણકારી અને માર્ગદર્શન માટે સંબંધિત વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી કે નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)અથવા નાયબ ખેતી નિયામક (તાલીમ) નો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.



# મણિપુરમાં નવી સરકાર બનાવવાની તૈયારી : ભાજપમાં સર્વસંમતિ સધાઈ

ઈમ્ફાલ, તા.૦૧

જાતીય હિંસા સામે ઝઝૂમી રહેલા મણિપુરમાં નવી સરકાર બનાવવાના પ્રયાસો તેજ બન્યા છે. ૩૦ મેના રોજ ભાજપના ૨૭ ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. આમાં નવી સરકાર બનાવવા પર સર્વસંમતિ સધાઈ છે. બેઠકમાં પુર્વ મુખ્યમંત્રી એન બિરેન સિંહ અને ભૂતપૂર્વ સ્પીકર સત્યવ્રત સિંહને દૂર રાખવામાં આવ્યા હતા. આ બેઠકમાં બિરેન સિંહ સામે બળવો



કરનારા ભાજપના ધારાસભ્યો તેમજ ૯ ફેબ્રુઆરીએ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું ત્યાં સુધી તેમને ટેકો આપનારા ધારાસભ્યો હાજર રહ્યા હતા. એક ધારાસભ્યએ જણાવ્યું કે બિરેન સિંહને બોલાવવામાં આવ્યા ન હતા. બેઠક પછી, ધારાસભ્યોએ એક નિવેદન જાહેર કરીને કહ્યું કે તેમણે સરકાર બનાવવા માટે વ્યક્તિગત મહત્વાકાંક્ષાઓને બાજુ પર રાખીને કામ કરવાનો સંકલ્પ કર્યો છે. મણિપુર વિધાનસભામાં ૬૦ સભ્યો છે. આમાંથી ૩૭ ભાજપના ધારાસભ્યો છે. આમાંથી સાત કુકી સમુદાયના છે જેઓ બેઠકમાં હાજર રહ્યા ન હતા. રાજ્યપાલને મળ્યા બાદ, ભાજપના ધારાસભ્ય થોકચોમ રાધેશ્યામે ૪૪ ધારાસભ્યોના સમર્થનની વાત કરી હતી. ૧૫ જૂન સુધીમાં સરકાર બનશે તેવી અપેક્ષા છે. ધારાસભ્યોએ રાજ્યપાલને મળીને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો. આમાં ભાજપના ૮, NPP અને અપક્ષના ૧-૧ ધારાસભ્યનો સમાવેશ થાય છે.

# દેશભરમાં કોરોનાના કેસમાં ઝડપથી વધારો: સક્રિય કેસની સંખ્યા ૩૩૯૫ થઈ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧

દેશમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. કોરોનાના કેસ ૩ હજારથી ઉપર પહોંચી ગયા છે. ભારતમાં કોરોનાના વર્તમાન કેસ ૩,૩૯૫ છે. કેરળમાં સૌથી વધુ ૧૩૩૬ સક્રિય કેસ છે. મહારાષ્ટ્રમાં ૪૬૭ કેસ છે અને દિલ્હીમાં ૩૭૫ કેસ છે. લોકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી હતી. રાજ્યો કોરોના અંગે અલગ માર્ગદર્શિકા જારી કરી રહ્યા છે. દિલ્હીમાં ૩૭૫ કોરોના કેસ



નોંધાયા છે જયારે ગુજરાતમાં ૨૬૫ કોરોના કેસ, કર્ણાટકમાં ૨૩૪ કોરોના કેસ, કેરળમાં ૧૩૩૬ કોરોના કેસ, મહારાષ્ટ્રમાં ૪૬૭ કોરોના કેસ, તમિલનાડુમાં ૧૮૫ કોરોના કેસ, પશ્ચિમ બંગાળમાં ૨૦૫ કોરોના કેસ, મિઝોરમમાં પણ કોરોનાના બે કેસ, ઉત્તર પ્રદેશમાં ૧૧૭ કોરોના કેસ નોંધાયા છે. કર્ણાટક સરકારે કોરોના પરિસ્થિતિમાં શાળાઓ ફરી શરૂ કરવા અંગે વાલીઓને ખાસ અપીલ કરી છે. સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, શુક્રવારે મોડી રાત્રે જારી કરાયેલા સરકારી પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે જો શાળાના બાળકોને તાવ, ઉધરસ, શરદી અને અન્ય લક્ષણો જોવા મળે છે, તો બાળકોને શાળાએ ન મોકલો અને ડૉક્ટરની સલાહ મુજબ યોગ્ય સારવાર અને સંભાળના પગલાં લો. બાળકોને સંપૂર્ણપણે સાજા થયા પછી જ શાળાએ મોકલવાની સૂચના આપવામાં આવી છે. તે જ સમયે, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કહ્યું છે કે મોટાભાગના કોરોના કેસ હળવા છે. આ કોરોના કેસથી ગભરાવાની જરૂર નથી. કેરળમાં સૌથી વધુ કેસ નોંધાયા તેનું કારણ કદાચ એ છે કે રાજ્યએ મોટી સંખ્યામાં કોવિડ પરીક્ષણો કર્યા છે.

# શિવમ સત્સંગ મંડળ દ્વારા અમાસ નિમિત્તે મજૂરોને અલ્પાહાર કરાવાયો

ચલાલા, તા.૦૧

ભજન, ભોજન અને સેવા કાર્યોના સિધ્ધાંતથી અમાસ નિમિત્તે રાજકોટના અમરનાથ મહાદેવ મંદિર વિસ્તારમાં રહેતા મજૂરોને તથા કિડની હોસ્પિટલમાં દર્દીના સંબંધીઓને ભોજન આપવામાં આવ્યું હતું. અલ્પાહારમાં લાડુ, ગાંઠિયા, સંભારો, છાશ અને પુરી-શાક આપવામાં આવેલ. આશરે ૨૫૦ લોકોને નિઃશુલ્ક જમવાનું આપવામાં આવ્યું હતું. જે રકમ શિવમ્ સત્સંગ મંડળ તરફથી દાનમાં આવે છે તેમાંથી આ સત્કાર્ય કરવામાં આવે છે. ૩૦ લીટર છાશ ભુપતસિંહ ખોડિયાર ડેરી ફાર્મવાળા તથા ૨૫૦ નંગ ડિશ કિશનભાઈ ગણેશ પ્લાસ્ટિક તરફથી મળેલ છે. આગામી દિવસોમાં સરકારી સ્કૂલોમાં નોટબુકનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે અને ખાસ ગરીબ દીકરીઓની સ્કૂલમાં વિતરણ કરવા માટે સંકલ્પ કર્યો છે. તો આ અંગે વિદ્યા દાન આપવા ઈચ્છુક દાતાઓને નમ્ર અપીલ કરવામાં આવે છે. દાન આપવા માટે હિંમતભાઈ મહેતાનો ૯૪૨૬૬૫૧૬૦૧ સંપર્ક કરવો.

# મુખ્યમંત્રી મમતા બેનર્જીએ 'ઓપરેશન સિંદૂર'નું અપમાન કર્યું : અમિત શાહ

કોલકતા,તા.૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળની મુલાકાત વખતે તૃણમૂલ કોંગ્રેસ અને મુખ્યમંત્રી મમતા બેનર્જી પર આકરા પ્રહારો કર્યા હતા. ભાજપના કાર્યકરોની સભાને સંબોધતા, અમિત શાહે 'ઓપરેશન સિંદૂર' પરની ટિપ્પણી પર મમતા અને તેમની સરકારને ઘેરી લીધી. તેમણે કહ્યું કે મમતા પહેલગામ આતંકવાદી હુમલા પર મૌન રહ્યા. જ્યારે ભારતીય



સેનાએ તે હુમલાનો બદલો લીધો, ત્યારે મમતા અને તેમના નેતાઓએ ખોટી ટિપ્પણીઓ કરીને 'ઓપરેશન સિંદૂર'નું અપમાન કર્યું છે. બંગાળના લોકોએ મમતા બેનર્જીને સિંદૂરની શક્તિ બતાવવી જોઈએ. તેમણે આગળ કહ્યું, 'આપણે પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર બનાવવી પડશે, ઘૂસણખોરી બંધ કરવી પડશે, ભ્રષ્ટાચાર બંધ કરવો પડશે, હિન્દુઓનું સ્થળાંતર બંધ કરવું પડશે.'

અમિત શાહે કહ્યું, 'વર્ષોથી બંગાળમાં સામ્યવાદીઓનું શાસન હતું. તે પછી મમતા બેનર્જી 'મા, માટી, માનુષ' ના નારા સાથે આવ્યા. તેમણે બંગાળની મહાન ભૂમિને ઘૂસણખોરી, મહિલાઓ પર અત્યાચાર, ગુના, બોમ્બ વિસ્ફોટ અને હિન્દુઓ સાથે અનૈતિકતાની ભૂમિમાં ફેરવી દીધી. મમતા મુખ્યમંત્રી બન્યા પછી, પશ્ચિમ બંગાળમાં સેંકડો ભાજપના કાર્યકરો માર્યા ગયા. દીદી, મારી વાત સાંભળો, હવે તમારો સમય પૂરો થઈ ગયો છે. ૨૦૨૬માં ભાજપ સરકાર બનાવશે.'

# કોડીનારના ખેડૂત સાથે બિયારણમાં છેતરપિંડી : એગ્રો સામે કાર્યવાહીની માગ

કોડીનાર, તા.૦૧

કોડીનાર તાલુકાના મિતિયાજ ગામના ખેડૂત અભેસિંહ જેસીંગભાઈ પરમાર સાથે ચોળીના બિયારણ બાબતે છેતરપિંડી થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. ખેડૂત અભેસિંહ પરમારનો આક્ષેપ છે કે, એગ્રો પાસેથી ખરીદેલા ચોળીના બિયારણમાંથી ૯૦ દિવસ થવા છતાં ફાલ કે ફૂલ આવ્યા નથી, જેના કારણે તેમને ભારે નુકસાન થયું છે. આ ઘટના અંગે અભેસિંહ પરમારે મીડિયાના માધ્યમથી રાજ્યના કૃષિ મંત્રી અને મુખ્યમંત્રીને આવા એગ્રો સેન્ટર અને સંબંધિત કંપનીઓ સામે તાત્કાલિક ધોરણે કાયદેસરની કાર્યવાહી કરવાની તથા એગ્રોને સીલ મારવાની માગ કરી છે. અભેસિંહ પરમારે વહેલી તકે નુકસાનનું વળતર ચૂકવવાની માગણી કરી છે અને ચીમકી ઉચ્ચારી છે કે જો વળતર ચૂકવવામાં નહીં આવે તો આવનારા સમયમાં ઉગ્ર આંદોલન કરશે અને કંપની સામે છેતરપિંડી (કલમ ૪૨૦ બી) હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવાની પણ તેમણે તંત્રને અપીલ કરી છે.

# ધોરાજી-ઉપલેટા પંથકના ડુમિયાણી ટોલનાકે ઓવરલોડ દંડ વસૂલાતથી વાહનચાલકોમાં રોષ

**ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા આ સમસ્યાના નિરાકરણ માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત**

ધોરાજી, તા.૦૧

ધોરાજી-ઉપલેટા પંથકના વાહનચાલકોમાં ડુમિયાણી ટોલનાકે કોમર્શિયલ વાહનો પાસેથી ઓવરલોડના નામે આડેધડ દંડ વસૂલવામાં આવતા રોષ ભભૂકી ઉઠ્યો છે. ભારે ટોલ ટેક્સ ઉપરાંત મોટા દંડના કારણે ટ્રક અને ડમ્પર જેવા


તસવીર : નયન કુહાડીયા

વાહનોના ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. નેશનલ હાઈવે ઓથોરિટીના આ પગલા સામે ધોરાજી, ઉપલેટા, કુતિયાણા અને પોરબંદરના વ્યાપારિક વાહનચાલકોમાં નારાજગી છે. ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા આ સમસ્યાના નિરાકરણ માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવે તેવી માગ ઉઠી છે.

# કોડીનારમાં પ્લાસ્ટિકમુક્ત શહેર અભિયાન અંતર્ગત લોકજાગૃતિ રેલી અને કાપડની થેલીનું વિતરણ કરાયું

ઉના, તા.૦૧

'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે 'વિશ્વમાંથી પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત' થીમ પર કોડીનાર નગરપાલિકા




દ્વારા પ્લાસ્ટિકમુક્ત શહેર અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત કોડીનારના વેપારીઓ સાથે એક વર્કશોપ યોજાયો હતો અને પ્લાસ્ટિકનો વપરાશ ન કરવા અંગે લોકજાગૃતિ રેલી કાઢવામાં આવી હતી. નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી અને ચીફ ઓફિસર વિનોદભાઈ રાઠોડ સહિતના સભ્યોએ મુખ્ય બજારોમાં ફરીને દુકાનદારો અને લારી-ગલ્લાવાળાઓને કાપડની થેલીનું વિતરણ કર્યું હતું અને પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા સમજાવ્યા હતા.

# કોડીનારના ડોળાસામાં વધુ એક દીપડો પાંજરે પુરાયો, ખેડૂતોમાં હજુપણ ભય

**વન વિભાગ દ્વારા વધુ સઘન કાર્યવાહી હાથ ધરાય તેવી લોકોની માગ**

કોડીનાર, તા.૦૧



કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ખેડૂતો પર દીપડાના હુમલાની ઘટનાઓ બાદ વધુ એક દીપડો પાંજરે પુરાયો છે. ગત ૨૫ મેના રોજ વહેલી સવારે એક દીપડાએ ખેડૂત પર હુમલો કર્યો હતો, જેના પગલે વન વિભાગે પાંજરું ગોઠવ્યું હતું. હવે, મુળજીભાઈ કુંભાભાઈ બારડની વાડીમાંથી વધુ એક દીપડો પકડાયો છે. જોકે, ડોળાસા વિસ્તારમાં સિંહ અને દીપડા જેવા જંગલી પ્રાણીઓનો ત્રાસ યથાવત છે. દિવસે પણ દીપડા દેખાતા ખેડૂતોમાં ભયનો માહોલ છે. હુમલાની ઘટનાઓથી ખેડૂતોમાં ફડક વ્યાપી છે અને તેઓને આ ભયમાંથી મુક્તિ મળે તે માટે વન વિભાગ દ્વારા આ દિશામાં વધુ સઘન કાર્યવાહી હાથ ધરાય તે જરૂરી છે.

# હાર્દિક ઉર્ફે 'હાજા' રાજકોટ, પોરબંદર અને જામનગર જિલ્લામાંથી ત્રણ માસ માટે હદપાર

ધોરાજી, તા.૦૧

ધોરાજી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટે જાહેર વ્યવસ્થા જાળવવાના ભાગરૂપે અસામાજીક તત્વ હાર્દિક ઉર્ફે હાજો ઉકાભાઈ હમીરભાઈ બઢ (રહે. મેરવદર) ને ત્રણ માસ માટે રાજકોટ, પોરબંદર અને જામનગર જિલ્લાની હદમાંથી હદપાર કરવાનો આદેશ કર્યો છે. હાજો માથાભારે અને ઝનૂની સ્વભાવનો ઈસમ છે અને દારૂ પીવા તથા વેચવા સહિત અનેક અસામાજીક પ્રવૃત્તિ કરે છે. ભૂતકાળમાં ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન તેના પર પ્રોહિબિશન ભંગ અને મારામારીના ૫ ગુના નોંધાયા છે, જેમાંથી ૩ ગુનામાં તેને સજા પણ થઈ છે. તેની આવી ગુનાહિત પ્રવૃત્તિઓથી સમાજમાં ભયનો માહોલ ફેલાતો હોવાથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૫૬(ક) હેઠળ તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

# ધોરાજીમાં રૂ.૧૮.૭૦ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાઈ : દબાણ હટાવ ઝુંબેશ યથાવત

ધોરાજી, તા.૦૧

રાજકોટ જિલ્લા કલેક્ટરની સૂચના અનુસાર, ધોરાજીમાં ફરી એકવાર દબાણ હટાવવાની મેગા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ધોરાજીના ડેપ્યુટી કલેક્ટર નાગાજણ એમ. તરખાલા, મામલતદાર આર.કે. પંચાલ અને નગરપાલિકાની ટીમે સંયુક્ત રીતે બહારપુરા ઉર્સ મેળા મેદાન ખાતે કાર્યવાહી કરી હતી. આ ઓપરેશનમાં રેવન્યુ વિભાગની આશરે ૧૭,૦૦૦ ચોરસ મીટર જમીન પરના દબાણો દૂર કરવામાં આવ્યા હતા, જેની અંદાજિત કિંમત રૂ.૧૮


તસવીર : નયન કુહાડીયા

કરોડ ૭૦ લાખ છે. મામલતદાર આર.કે. પંચાલે જણાવ્યું હતું કે, બહારપુરા વિસ્તારમાં ઉર્સ મેળાના ગ્રાઉન્ડમાં સ્ક્રેપના ધંધાર્થીઓએ લારીઓ અને કેબિનો મૂકીને ગેરકાયદેસર દબાણ કર્યું હતું. આશરે ૩૦૦ જેટલા સ્ક્રેપના ધંધાર્થીઓએ રેવન્યુ વિભાગની જમીન પર દબાણ ખડક્યું હતું. નગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા અનેક દબાણકર્તાઓને નોટિસ આપ્યા બાદ કેટલાક દબાણકારોએ સ્વેચ્છાએ દબાણ દૂર કર્યા હતા. જોકે, પાણીના પરબ અને લાકડાના ગોડાઉન પર નગરપાલિકાની ટીમે જેસીબી ફેરવી દીધું હતું. ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર, ચીફ ઓફિસર અને પોલીસ અધિકારીઓની હાજરીમાં નગરપાલિકાના ૧૦૦ જેટલા કર્મચારીઓ આ કામગીરીમાં જોડાયા હતા.

# સાવરકુંડલાના મોટા ભમોદરા ગામે નવી ૧૦૮ એમ્બ્યુલન્સની ફાળવણી

સાવરકુંડલા, તા.૦૨



સાવરકુંડલા તાલુકાના મોટા ભમોદરા ગામે સરપંચ ભાવેશભાઈ ખૂંટની મહેનતથી સરકાર તરફથી નવી ૧૦૮ એમ્બ્યુલન્સ ગાડી ફાળવવા બદલ ગ્રામજનો દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આવનારા દિવસોમાં આ ૧૦૮ એમ્બ્યુલન્સ ગાડી આજુબાજુના વિસ્તારના ૨૫ થી ૩૦ ગામોના નાગરિકોને તાત્કાલિક આરોગ્યની સુવિધા માટે આશીર્વાદ રૂપ સાબિત થશે. આ ફાળવણીથી લોકોમાં ખુશી વ્યાપી હતી.

# રાજુલા પંથકમાં વિકાસ કાર્યો માટે ૧૭ ગામ દ્વારા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીનો આભાર દર્શન કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૦૨

સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓ પૈકી રાજુલા શેહેર અને તાલુકા વિસ્તારની ૧૭ પંચાયતોના વિકાસ કાર્યો અર્થે જંગી રકમ ફાળવવા બદલ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીનો આભાર દર્શન કાર્યક્રમ ૧૭ ગામના સરપંચ એસોસિએશન દ્વારા સુપ્રસિદ્ધ હનુમાન દાદા ભંડારીયાના સાનિધ્યમાં યોજાયો હતો. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ




સુતરીયા અને હીરાભાઈ સોલંકીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે અમરેલી જિલ્લા ભાજપ મહામંત્રી પીઠાભાઈ નકુમ, રાજુલા તાલુકા પંચાયત પ્રમુખ ધીરજભાઈ, રાજુલા તાલુકા ભાજપ પ્રમુખ ધીરુભાઈ નકુમ, રાજુલા શહેર ભાજપ પ્રમુખ વનરાજભાઈ વરૂ, રાજુલા તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ રમેશભાઈ ડોબરીયા, રાજુલા નાગરિક બેંકના પ્રમુખ મહેન્દ્રભાઈ ધાખડા, માર્કેટિંગ યાર્ડના ઉપપ્રમુખ અરજણભાઈ વાઘ સહિત મોટી સંખ્યામાં આગેવાનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ૧૭ ગામના આયોજક સરપંચોએ જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલામાં મહારાણી અહલ્યાબાઈ હોલકરની ૩૦૦મી જન્મજયંતી નિમિત્તે વીરાંગના યાત્રા યોજાઈ

સાવરકુંડલા, તા.૦૧

પુણ્યશ્લોક મહારાણી અહલ્યાબાઈ હોલકરની ૩૦૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે સાવરકુંડલા શહેર અને તાલુકાની બહેનો તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા ભવ્ય વીરાંગના યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા તાલુકા પંચાયતથી શરૂ થઈ નાવલી ચોક, રિદ્ધિ સિદ્ધિ નાથ મહાદેવ મંદિર સુધી યોજાઈ, જેમાં મોટી




સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ, તાલુકા પ્રમુખ રજનીભાઈ ડોબરીયા, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, મયુરભાઈ રબારી, મોહિતભાઈ સુદાણી, રાજુભાઈ નાગ્રેચા, પ્રફુલ પાનસુરીયા, ભાવેશભાઈ કવા, લલિતભાઈ મારૂ, રણછોડભાઈ ખીમાણીયા, શિવાંગભાઈ ત્રિવેદી, ધ્રુમિલભાઈ ત્રિવેદી, નિખિલભાઈ ઘેલાણી, ભાવેશભાઈ ખૂંટ, હસુભાઈ ચાવડા, કુલદીપભાઈ કોટિલા અને ભાજપના મહિલા કાર્યકર હીનાબેન કાણકિયા, અમિતાબેન પટેલ, એડવોકેટ નમ્રતાબેન સહિત આંગણવાડીની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહારાણી અહલ્યાબાઈ હોલકરના સમાજસેવા, ન્યાયપ્રિય શાસન અને ધાર્મિક સંસ્કૃતિના સંરક્ષણ માટેના અમૂલ્ય યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું.

# અમદાવાદમાં નશામાં ધૂત પોલીસકર્મીએ ઉને ઉડાવ્યા : લોકોએ મેથીપાક ચખાડ્યો

**પોલીસકર્મી હોવાનો રોફ જમાવી લોકોને જોઈ લેવાની ધમકી આપી**

અમદાવાદ, તા.૦૧

રાણીપમાં ગત મોડી રાત્રે માધવપુરા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલે અકસ્માત સર્જ્યો હતો. બકરામંડી પાસે નશાની હાલતમાં પાંચથી વધુ વાહનને અડફેટે લીધા હતા, જેમાં ત્રણ લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને સિવિલમાં દાખલ કરાયા હતા, જેમાંથી એક ગંભીર છે. વેગનઆરના ચાલકે વાહનોને અડફેટે લીધા બાદ કાર દિવાલમાં ઘૂસાડી દીધી હતી. ઘટનાની જાણ થતાં ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. નંબર પ્લેટ વગરની ગાડીથી નશાની હાલતમાં અકસ્માત સર્જ્યો હોવાથી કોન્સ્ટેબલ યુવરાજસિંહને સ્થાનિક લોકોએ નીચે ઉતારી મેથીપાક ચખાડ્યો હતો. ત્યારે યુવરાજસિંહ પોતે પોલીસકર્મી હોવાથી લોકોને જોઈ લઈશ તેવી ધમકી આપતો હતો. જે બાદ આરોપી ગાડી મૂકી સ્થળ પરથી નાસી ગયો હતો. અકસ્માત કરનાર પોલીસ કોન્સ્ટેબલ યુવરાજસિંહ વાઘેલા રાણીપ પોલીસ લાઈનમાં રહે છે અને એલિસ બ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે. આરોપીના પિતા માધુપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે.



# અમદાવાદની અમરદીપ હોસ્પિટલમાં બાળકનું મોત, ડોકટરની બેદરકારીનો પરિવારજનોનો આક્ષેપ

અમદાવાદ,તા.૧

અમદાવાદમાં અમરદીપ હોસ્પિટલમાં બાળકનું મોત નિપજતા ચકચાર મચી છે. અમરદીપ હોસ્પિટલમાં ૧૧ દિવસના બાળકનું મોત થતા પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો. આ બાળકને ભાવનગરથી સારવાર માટે અમરદીપ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં બાળકનું મોત નિપજતા પરિવારજનો રોષે ભરાયા હતા અને હોબાળો મચાવ્યો હતો. બાળકને લીવરમાં ગાંઠ હોવાથી તેની સારવાર માટે હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં બાળકના ઓપરેશન બાદ તેની તબિયત લથડી હતી. જેમાં ડોકટરની બેદરકારીને કારણે બાળકનું મોત થયું હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો. ડોક્ટરે સારવાર માટે ૨૫ લાખ રૂપિયા વસુલ્યા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.



# જૂનાગઢની વિસાવદર વિધાનસભા ચૂંટણીને લઈ કોંગ્રેસની બેઠક મળી

જૂનાગઢ,તા.૧

વિસાવદર વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસની બેઠક મળી હતી. આ બેઠકમાં પ્રદેશ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે ટ્વીટ સામે જવાબ આપ્યો હતો. જેમાં તેમણે જીગ્નેશ મેવાણી દ્વારા કરાયેલા ટ્વીટનો જવાબ આપ્યો હતો. 'પરિવારની વાત છે પરિવારના પ્લેટફોર્મ પર કરાય' એમ કહીને તેમણે તેનો જવાબ પણ પરિવારના પ્લેટફોર્મ પર અપાય, એમ કહ્યું હતું. વિસાવદરમાં અરવિંદ કેજરીવાલે કરેલા આક્ષેપો મામલે નિવેદન આપ્યું હતું.'જેલમાં રહીને આવી ચૂક્યા છે ત્યારબાદ આક્ષેપ કરે છે', એમ તેમણે કહ્યું હતું. 'આરોપો શું હોય છે, કેવી રીતે ઘડાય છે એ કેજરીવાલ સમજે છે' મનરેગા કૌભાંડ મુદ્દે શક્તિસિંહ ગોહિલે કહ્યું હતું કે 'સરકાર ભાજપની છે અને એજન્સીઓ તપાસ કરે છે. જો સાબિત થાય તો તેની સામે કાર્યવાહી કરે. હાલ તો ભાજપના જ મંત્રીના બે પુત્રો જેલમાં છે. ગુનેગાર હોય તેની સામે પગલા ભરવા જોઈએ'.

# E-KYCના વિરોધમાં સસ્તા અનાજ દુકાનધારકોની હડતાળ : સંચાલકોએ કમિશન વધારવાની માગ કરી

રાજકોટ, તા.૦૧

ગુજરાત ફેરપ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર્સ એસોસિએશનની રાશનકાર્ડ ધારકો માટે ફરજિયાત **E-kyc**ના વિરોધમાં આજથી હડતાલ શરૂ થઈ ચૂકી છે. પરંતુ તેમાં ગુજરાતનું સૌથી મોટું ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન જોડાયેલું નથી. રાજકોટના ૧૫૦ સહિત રાજ્યના ૧૫,૦૦૦ સસ્તા અનાજના દુકાનધારકોના આ સંગઠનનું માનવું છે કે, વેપારીઓ અને ગ્રાહકોના સાચા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા ન હોવાથી હડતાલમાં અમે જોડાયેલા નથી. પરંતુ **E-kyc** ન હોય તેવા ગરીબને ૧૩ મે થી અનાજ વિતરણ બંધ કરવામા આવ્યું તે યોગ્ય નથી. આ સાથે જ ગોડાઉનથી અનાજનો પૂરતો જથ્થો આવતો નથી. વેપારીઓને એક કિલો અનાજના વેચાણ પર કમિશન રૂ. ૧.૫૦ ને બદલે રૂ.૩ આપવામાં આવે, ૯૭ ટકા અનાજ વિતરણ પર ૨૦,૦૦૦ કમિશન આપવામાં આવે છે જે ઘટાડી ૯૩ ટકા કરવામાં આવે તેવી માગણી છે.




# ઓનલાઈન જુગાર રમાડતા ચાર યુવકોની દ્વારકા પોલીસે કરી ધરપકડ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૧

ટેક્નોલોજીના યુગમાં યુવાનોમાં ઓનલાઈન ગેમિંગનું વળગણ વળગ્યું છે. ત્યારે ઘણીવાર યુવાનો પૈસા કમાવાની અને રાતોરાત કરોડપતિ બની જવાની લાલચમાં મહેનતના રૂપિયા ગુમાવી બેસે છે. સાયબર ક્રાઈમ વિભાગમાં આવી અનેક ઘટનાને લઈને ફરિયાદ નોંધાતી હોય છે, ત્યારે દ્વારકા જિલ્લામાં ઓનલાઈન જુગારની ગેમિંગનું પ્રમોશન કરનાર ચાર સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરની પોલીસે ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર જામખંભાળિયા પોલીસે અલગ અલગ વિસ્તારોમાંથી ભરત લગારીયા, સુમાત ચાવડા, દીપક સાંથલપર, કેશુર ભાટીયા નામના ૪ ઈન્ફલુએન્સરની અટકાયત કરી છે. આ લોકો અનઅધિકૃત એપ્લિકેશન દ્વારા ગેમિંગ સાઈટનું પ્રમોશન કરતા હતા. આ લોકો પાસે કુલ ૨.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અનધિકૃત ઓનલાઈન ગેમિંગ એપ્લિકેશનનું પ્રમોશન કરી સમાજના યુવા વર્ગને જુગાર જેવા સામાજિક દુષણ તરફ લઈ જતાં ઈસમો (ઈન્ફલુએન્સરો) ને પકડી પાડી તેમના વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.








